॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય

ૐ



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

## સદ્‌બુદ્ધિ આપો

- યોગભિક્ષુ

શિષ્ય ગુરુદેવ પાસે સદ્‌બુદ્ધિ માંગે છે ત્યારે ગુરુદેવ કહે છે કે "તારે સદ્‌બુદ્ધિ માંગવાની જરૂરત જ નથી રહી. તું બીજું કાંઈ માંગવાના બદલે સદ્‌બુદ્ધિ માંગે છે તે તેની જ સાબિતી છે કે તેં સદ્‌બુદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. માંગવાનું તો ઘણું બધું છે, તે બધું છોડીને તેં સદ્‌બુદ્ધિ માંગવાનો નિર્ણય કર્યો તે શાના દ્વારા કર્યો? સદ્‌બુદ્ધિ માંગવાનો નિર્ણય તેં સદ્‌બુદ્ધિ દ્વારા જ કર્યો."

ઘણું તપ કરવાથી ભગવાન પ્રસન્ન થયા અને કહે કે માંગ, માંગ; ત્યારે આપણે આપણી બુદ્ધિ પ્રમાણે માંગ્યું. આપણી બુદ્ધિ કેટલી? આપણું કલ્યાણ શાનાથી છે તેની ખબર આપણા કરતાં આપણા ભગવાનને નહીં હોય? આપણે તો ભગવાનને એમ કહેવાની જરૂરત હતી કે આપને જે આપવું હોય તે આપો. પણ આપણે તો ધૂળ અને રાખ જેવું નાશવંત કાંઈક માંગ્યું! આપણે જેમને ભગવાન-ગુરુ સમજી રહ્યા છીએ, જેમને પ્રસન્ન કરવા - પ્રગટ કરવા ઘોર તપ કરી રહ્યા છીએ તેમનામાં પણ આપણને વિશ્વાસ ન રહ્યો અને લાલચને-વાસનાને વશ થઈને એવું માંગી બેઠા કે જેથી લાલચો અને વાસનાઓ વધતી જ જાય અને આધિ, વ્યાધિ અને ઉપાધિના ચક્રાવામાં ચડાવીને નષ્ટ-ભ્રષ્ટ કરી નાખે. બુદ્ધિશાળી તો ત્યારે કહેવાઈએ કે જો સદ્‌બુદ્ધિ માંગીએ અથવા મૂંગા મરી રહીએ. અસ્તુ.

## હનુમાન જયંતી નિમિત્તે

સમય : સવારે ૯.૦૦ થી ૧૨.૦૦

તારીખ : ૨૪-૪-૨૦૦૩ રવિવાર

સ્થળ : ૧/૧, ભદ્રેશ્વર ફ્લેટસ્, અંકુર બસ સ્ટેન્ડ પાછળ,
નારણપુરા, અમદાવાદ-૧૩.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજનહિતાય - બહુજનસુખાય)

વર્ષ - ૧૯ (એપ્રિલ, મે, જૂન)

VOL - XVII 2002-2003 ISSUE - IV માનદ તંત્રી - નૈષધ વ્યાસ

# ગુરુમહિમા
## (યોગરહસ્યોથી ભરપૂર - યોગનિષ્ઠારસથી તરબોળ)

— યોગભિક્ષુ

'ઋતમ્ભરા' ત્રિમાસિક સામયિકના માધ્યમ દ્વારા આપણે સદ્‌ગુરુ વિષેનો મહિમા સમજી રહ્યા છીએ, સવજીદાસે ગુરુકૃપાથી જે પદ્યની રચના કરી તેના વિષેની તાત્ત્વિક સમજણ આપણે પ્રાપ્ત કરી રહ્યા છીએ; જે યોગરહસ્યોથી ભરપૂર છે અને યોગનિષ્ઠારસમાં તરબોળ કરી દે તેવી છે.

અગાઉના અંકોમાં આપણે "ગુરુમહિમા" પદ્ય સમજ્યા. આ અંકમાં આપણે સવજીદાસજીએ રચેલ "સદ્‌ગોરાંકી આરતી" વિષે સમજવાનો પ્રયત્ન કરીશું.

<u>સદ્‌ગોરાંકી આરતી</u>

જય જય આરતી સદ્‌ગોરાંકી.  
આદ-અનાદ નાદથી પર છો, અજર અમર દેવા,  
ગુરુ અજર અમર દેવા;  
નહીં ઉપજ્યા નહીં જાયા, છો એવા ને એવા,  
ગુરુ છો એવા ને એવા;  
જય જય આરતી સદ્‌ગોરાંકી.  
અમર રૂપ બન્યા છો આપે, વિદેહ દેહધારી,  
ગુરુ વિદેહ દેહધારી;  
સાહેબ કૃપા સહેજ ઘર પાયો, પલ પલ બલિહારી,  
ગુરુ પલ પલ બલિહારી;  
જય જય આરતી સદ્‌ગોરાંકી.  
અધ-ઊર્ધ્વમાં આપ બિરાજો, નિગમ 'નેતિ' ગાવે,  
ગુરુ નિગમ 'નેતિ' ગાવે;  
વ્યાપક સકળ ભુવનમાં, નહીં આવે ને જાવે,  
ગુરુ નહીં આવે ને જાવે;  
જય જય આરતી સદ્‌ગોરાંકી.  
પાંચ પારખ લઈ પૃથ્વી, સ્થાવર-જંગમ સ્થાપી,  
ગુરુ સ્થાવર-જંગમ સ્થાપી;  
ચૈતન્ય કરી ચલાવ્યાં, અમર બુંદ આપી,  
ગુરુ અમર બુંદ આપી;  
જય જય આરતી સદ્‌ગોરાંકી.  
નામ ઠામ બે બાદ કરીને, મૂળ પુરુષ જાચ્યો,  
ગુરુ મૂળ પુરુષ જાચ્યો;  
દાસ સવા પર દયા કરીને, અભયદાન આપ્યો,  
ગુરુ અભયદાન આપ્યો;  
જય જય આરતી સદ્‌ગોરાંકી.

સવા ભગત "ગુરુમહિમા" રચીને ખૂબ આનંદમાં આવી ગયા છે અને ગુરુદેવની આરતી ઉતારે છે. કોઈ વાર-તહેવારે, ગુરુપૂર્ણિમાને દિવસે અથવા તમે જ્યારે તમારે ઘેર ગુરુદેવની પધરામણી કરો છો ત્યારે જેમ ગુરુદેવની આરતી ઉતારો છો તેમ સવા ભગત આરતી ઉતારે છે. આરતી ઉતારતા જાય છે અને ગાતા જાય છે. આરતીના શબ્દો કેટલા સુંદર છે!

જય જય આરતી સદ્‌ગોરાંકી.  
આદ-અનાદ નાદથી પર છો, અજર અમર દેવા.

હે ગુરુદેવ! તમે કેવા છો? આદિ અને અનાદિ એ બધાથી પર છો. તમારે આદિયે નથી અને તમારો અનાદિયે નથી. જેનો પ્રારંભ હોય તેનો અંત હોય ને? પણ આ પરમાત્મા-ગુરુદેવ કેવા છે? જેમનો જન્મેય નથી અને મૃત્યુ પણ નથી. તેથી આ જગ્યાએ તેમને "ગુરુ" શબ્દ થોડો ફિક્કો લાગ્યો, એમાં એમને મજા ના આવી; ગુરુદેવે એમના ઉપર જે ઉપકાર કર્યો તે ઉપકારના બદલામાં "ગુરુદેવ" શબ્દ તેમને જચ્યો નહીં. તેથી અતિ વહાલમાં આવી જઈને "સદ્‌ગોરાં" શબ્દ એમના મોઢામાંથી સરી પડ્યો.

"અજર-અમર દેવા." હે સદ્‌ગોરાં! તમે કેવા છો? અજર - જરાવાળા નથી; અમર, મૃત્યુવાળા નથી. કારણ કે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ કોના ધર્મો છે? શરીરના. તો, આ ગુરુને તો, આ સદ્‌ગોરાંને તો શરીર જ નથી; એ તો પરમ ચૈતન્ય છે. તેથી એમને વૃદ્ધાવસ્થા ક્યાંથી હોય અને મૃત્યુધર્મેય ક્યાંથી હોય?

**નહીં ઊપજ્યા નહીં જાયા.**

તમે ઊપજ્યા જ નથી, તમારો જન્મ જ નથી પછી જવાનું ક્યાં રહ્યું? કોઈ જીવ આવે પણ તમે આવેલા જ નથી. જ્યારથી જેવા છો ત્યારથી અત્યાર સુધી અને હવે પછી કાયમ માટે એવા ને એવા જ છો. તમારા સ્વરૂપમાં કોઈ પરિવર્તન નથી આવતું. જગતના બાકીના તમામ પદાર્થો પરિવર્તનશીલ છે; વિકારી-વિશેષ આકારવાળા છે. જેમકે રજોવીર્યમાંથી આ શરીર, શરીરમાંથી આ બધાં અંગો, એમાં બીજા ઘણા બધા વિકારો. દૂધ, દૂધમાંથી દહીં, દહીંમાંથી દહીંનો વિકાર ઘી; એમ દરેક પદાર્થ પરિવર્તનશીલ છે. પરંતુ તમે કેવા છો? અપરિવર્તનશીલ. જેવા છો એવા ને એવા. બ્રહ્મ સત્યમ્ જગત મિથ્યા. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે. મિથ્યા એટલે પરિવર્તનશીલ. અત્યારે જે સ્વરૂપ જગતનું દેખાય છે એ થોડી ક્ષણો પછી બદલાઈ જશે. તેના સ્વરૂપમાં કોઈને કોઈ ફર્ક આવી ગયો હશે; ચાહે આપણાં ચર્મચક્ષુઓ એ પદાર્થમાં આવેલા પરિવર્તનને જોઈ ન શકે અથવા તો વર્ષ પછી, પાંચ વર્ષ પછી કે સો વર્ષ પછી જોઈ શકે પરંતુ હર ક્ષણે, હર પળે દરેક વસ્તુમાં પરિવર્તન આવી રહ્યું છે. એ એનું મિથ્યાપણું છે. હાલમાં જે નામ અને ઠામ છે, હાલમાં જે રૂપ અને રંગ છે એ મિથ્યા છે. કારણ કે થોડી ક્ષણોમાં એમાં પલટો આવી રહ્યો છે. એમાં જ્યારે ઘણો બધો પલટો આવી જાય છે ત્યારે ચર્મચક્ષુ એનો અનુભવ કરી શકે છે, આપણી ઇન્દ્રિયો એનો અનુભવ કરી શકે છે. અતિ સૂક્ષ્મ પ્રમાણમાં જે પરિવર્તન આવ્યું હોય એનો અનુભવ આપણને ન થઈ શકે.

બ્રહ્મ સત્ય. બ્રહ્મ જ એક સત્ય; સત્ય કહેતાં જેમાં પરિવર્તન નથી. સત્ એટલે અસત્ નહીં. એ જેવું છે એ સ્વરૂપમાં અસત્‌પણું નહીં પણ સત્‌પણું-સતતપણું. જેનું અસ્તિત્વ સતત, જેનું સતત સાતત્ય એવું સ્વરૂપ.

**છો એવા ને એવા.**
**અમર રૂપ બન્યા છો આપે,**
**વિદેહ દેહ ધારી,**
**ગુરુ વિદેહ દેહ ધારી.**

ઉપર કહ્યા મુજબનું રૂપ અમર છે. રૂપે આપ અમર છો, અજર છો; વિદેહ - વિના દેહ અથવા તો વિશિષ્ટ દેહવાળા છો. તમારો દેહ કેવો છે? દિવ્ય દેહ. ચાલુ જે બધા દેહો છે એનાથી વિશેષ દેહ આપનો છે, આપ એનાથી વિશેષ છો. આપના સિવાયના બધા જે દેહ છે એવો દેહ ન હોવાના કારણે આપ દેહ વિનાના છો. સામાન્ય પ્રકારનો દેહ હોય છે એવો દેહ આપનો નથી એટલે આપ વિશેષ દેહવાળા છો; વિશેષ દેહ કે જે દેહ બુદ્ધિગમ્ય, જ્ઞાનગમ્ય છે એવો દેહ - વિદેહ. સ્થૂળ દેહ નહીં, ઇન્દ્રિયગોચર દેહ નહીં.

**સાહેબ કૃપા સહેજ ઘર પાયો,**
**પલ પલ બલિહારી.**

સાહેબની કૃપા થઈ. અહીં પરમાત્મા માટે પણ સાહેબ શબ્દ વપરાયો છે અને સદ્‌ગોરાં માટે પણ સાહેબ શબ્દ વપરાયો છે. સાહેબ કૃપા - ગુરુદેવની કૃપા થઈ ત્યારે "સહેજ ઘર પાયો." પરમાત્માના સ્વરૂપને ઓળખવા માટે, પરમાત્માના સ્વરૂપને પામવા માટે, પરમાત્માના સ્વરૂપને સારી રીતે હૃદયંગમ કરવા માટે યોગીજનો, મહાત્માજનો, સાધુજનો કેટલી મોટી તપશ્ચર્યા કરે છે! કેટલાં ગાઢ જંગલોમાં કુટિયા બનાવીને, ગુફા બનાવીને રહે છે!! પરમાત્માને સમજવા માટે સાધકો આવી કઠિન તપશ્ચર્યા કરે છે, સાધના કરે છે તોય તે (પરમાત્મા) સમજમાં આવતા નથી. પરંતુ અમારી સ્થિતિ તો કેવી થઈ? સાહેબની કૃપા થઈ ત્યારે સહેજમાં - કોઈ કષ્ટ વિના - ઘર પાયા. ઘરે બેઠાં બેઠાં જ, અમારા પોતાના ચાલુ

વ્યવહારનાં કામકાજો કરતાં કરતાં જ, અમારા પોતાનાં બાળ-બચ્ચાંઓનું પાલન-પોષણ કરતાં કરતાં જ સદ્ગુરુની કૃપાથી પરમાત્માનું સાચું સ્વરૂપ અમને સમજાયું. અમારે જંગલમાં જવાની, કે અઘોર તપ કરવાની, કે મહાકષ્ટ વેઠવાની જરૂર જ ના રહી. સહેજમાં ઘેર બેઠાં બેઠાં જ આપને મેળવ્યા અને શરીરમાં જે ઘર છે એ ઘરમાં તમને જોયા. શરીરમાં એમનું ઘર ક્યાં છે? જ્યાં પીઠનો છેડો આવે છે ત્યાં. બ્રહ્માંડ-મસ્તક-બ્રહ્મરંધ્ર-સહસ્રદળકમળ; એમાં તમને પાયા, એમાં તમને જોયા. એક તો આ ઘર કે જે ઈંટ, માટી, ચૂના ઇત્યાદિનું બનેલું છે એમાં રહીને તમને મેળવ્યા, પ્રાપ્ત કર્યા. ક્યાં? આ પિંડમાં. જે ઘર આપનું (પરમાત્માનું) રહેવાનું છે ત્યાં. તમે બીજે ક્યાંય નહોતા. તમો અમારા શરીરમાં જ છો. અમારા શરીરમાં બ્રહ્મરંધ્રમાં તમારું નિવાસસ્થાન છે; એ ઘરમાં તમને જોયા, ઓળખ્યા, સમજ્યા. કોના દ્વારા? સાહેબની કૃપાથી, સદ્ગોરાંની દયાથી.

"પલ પલ બલિહારી." જ્યારે આટલી સહેલાઈથી સદ્ગોરાંએ પરમાત્માનાં દર્શન કરાવી દીધાં તો એમને માટે તો પલ પલ બલિહારી. એક એક ક્ષણ સદ્ગોરાં ઉપર બલિહારી જાઉં, દરેક ક્ષણે એમને માટે તો ન્યોચ્છાવર થઈ જાઉં. જેમ તુલસીદાસજીએ કહ્યું છે તેમ - ઉસકે તન કી મોજડી, મેરે તન કા ચામ. મારા ગુરુદેવ માટે તો હું મારા શરીર ઉપરથી ચામડી ઉતારી તેમના પગની મોજડી બનાવી દઉં તોયે ઓછું છે. અહીં આપણે ચામડી ઉતારીને જોડા બનાવી દેવાના નથી, એનાથીયે મોટાં કાર્યો કરવાનાં છે. ચામડી ઉતારી દેવાની તો એક મામૂલી વાત છે. જીવતા રહીને આપણે ઘણાં બધાં સત્કાર્યો કરવાના છે. તુલસીદાસજીએ પોતાના શરીરની ચામડી ઉતારવાનું કહ્યું એનો શો મતલબ છે? પલ પલ બલિહારી. બલિહારી થવું એટલે ન્યોચ્છાવર થવું, પોતે પોતાને અર્પણ કરી દેવા, પોતાનું બલિદાન આપી દેવું. પરંતુ કેવું બલિદાન? એક જ વખત નહીં; હરેક પળે, હરેક ક્ષણે તમને બલિદાન આપું. તમે મારા ઉપર જે ઉપકાર કર્યો છે, તમે મારા મનુષ્યજીવનની જે સાર્થકતા કરી છે; મારો સ્વભાવ, મારી પ્રકૃતિ અને મારી પરિસ્થિતિ જોઈ ઘેર બેઠાં જ જે કાંઈ પ્રાપ્તવ્ય હતું તેની પ્રાપ્તિ કરાવી દીધી તેને માટે તો હું 'પલ પલ બલિહારી' છું.

**અધ-ઊર્ધ્વમાં આપ બિરાજો,**
**નિગમ નેતિ ગાવે.**

અધ-નીચે, ઊર્ધ્વ-ઉપર. આપ ક્યાં બિરાજો છો? અધઊર્ધ્વમાં. "નિગમ નેતિ ગાવે." વેદો તમારાં ગુણગાન ગાય છે. કેવી રીતે? નેતિ, નેતિ, નેતિ અર્થાત્ ન ઇતિ, ન ઇતિ, ન ઇતિ કહીને. તમારો છેડો નથી, તમારો અંત નથી, તમને પામી શકાય એમ નથી. અગમ-નિગમ 'નેતિ-નેતિ' કહીને તમારાં ગુણગાન ગાય છે.

તમે ક્યાં બિરાજો છો? અધઊર્ધ્વમાં. શરીરરૂપી પિંડમાં અને બ્રહ્માંડમાં. એ બંને – પિંડ અને બ્રહ્માંડમાં અધઊર્ધ્વ છે. પિંડમાં એ ક્યાં છે? નાભિની નીચે અને નાભિની ઉપર. જ્યાં નાભિ (ડૂંટી) છે, જ્યાં મણિપુર ચક્ર કલ્પવામાં આવેલું છે એ નાભિકમળથી છેક મસ્તક સુધીનો ભાગ 'ઊર્ધ્વ' કહેવાય છે અને નાભિથી પગના તળિયા સુધીનો ભાગ 'અધ' કહેવાય છે.

જે મનુષ્યે પોતાની આધ્યાત્મિક પ્રગતિ સાધતા રહેવી હોય એણે અધઃલોકમાં નહીં ઊતરવું, ઊર્ધ્વલોકમાં જ વૃત્તિને રાખવી. હદમાં હદ નાભિ સુધી જ વૃત્તિને જવા દેવી, નાભિથી નીચે વૃત્તિને ઊતરવા ન દેવી. જ્યારે આપણી વૃત્તિઓ, આપણું ધ્યાન નાભિથી નીચેના ભાગમાં જાય ત્યારે આપણે અધઃલોકમાં ગયા કહેવાઈએ. નાભિની ઉપર બધા ઊર્ધ્વલોક છે. મનુષ્ય જેમ જેમ પોતાની વૃત્તિઓને નાભિની નીચે અધઃલોકમાં સ્થિર કરે તેમ તેમ એ વાસનામય થતો જાય, વિકારી થતો જાય; એ પાતાળમાં વધુ ને વધુ ઊંડે ઊતરતો જાય. તે, જેમ જેમ ઊર્ધ્વલોકમાં જાય તેમ તેમ એ બ્રહ્મરંધ્ર તરફ જતો જાય, સમાધિ તરફ જતો જાય; એ સદ્ગુરુનાં દર્શન તરફ આગળ વધતો જાય, એ પરમાત્માના સાક્ષાત્કાર તરફ ગતિ કરતો જાય. તો, આ વાત પિંડની થઈ.

બ્રહ્માંડમાં પણ અધઃ અને ઊર્ધ્વ છે. એ ક્યાં છે? બ્રહ્માંડમાં પૃથ્વી એ નાભિ અને પૃથ્વીથી ઉપરના લોકો એ ઊર્ધ્વલોક અને નીચેના અધઃલોક. પૃથ્વીની ઉપરના લોકો ક્યાં છે? ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ, સત્યમ્; એમ સાત લોકની કલ્પના કરેલી છે. શાસ્ત્રોમાં આ સાત લોકનાં નામ આપેલાં છે. પૃથ્વીની નીચે બધાં તળ. એને લોક ન કહેતાં તળ કહ્યાં છે. અતળ, વિતળ, સુતળ, મહાતળ, રસાતળ, તળાતળ, પાતાળ; આમ સાત તળ

છે. પૃથ્વી ખોદીએ તો એમાં કેવાં જીવજંતુઓ જોવા મળે છે? એ જીવજંતુની કેવી સ્થિતિ હોય છે? તેમ નાભિથી નીચે ઊતરીએ તો જીવજંતુ જેવી કોટિમાં ઊતરી જઈએ છીએ અને નાભિની ઉપર જતા હોઈએ તો મનુષ્ય કોટિમાંથી દેવ કોટિને પ્રાપ્ત કરી લઈએ છીએ.

"અધ-ઊર્ધ્વમાં આપ બિરાજો" એમ કહીને સવજીદાસ પરમાત્માની સર્વવ્યાપકતા બતાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પરમાત્માની સર્વવ્યાપકતાના કારણે જ દરેક જીવને તેમનાં કર્મો પ્રમાણે ફળ મળી રહ્યાં છે અને એ જ કારણે કર્માનુસાર ચોર્યાશી લાખ યોનિમાંની કોઈ પણ એક યોનિમાં તેનો જન્મ થાય છે.

તો, આવા સર્વવ્યાપક પરમાત્મા વિષે નિગમ અને અગમ, વેદ અને પુરાણો, શાસ્ત્રો શું કહી રહ્યાં છે? કઈ રીતે તેમનાં ગુણગાન કરી રહ્યાં છે? 'નેતિ નેતિ.' તમારી ઈતિ નથી, તમારો છેડો નથી, તમારા મહિમાનો કોઈ પાર આવી શકે તેમ નથી. તમે કેવા છો?

**વ્યાપક સકળ ભુવનમાં, નહીં આવે ને જાવે.**

હે પરમાત્મા! હે ગુરુદેવ! હે સદ્ગોરાં! તમે સર્વવ્યાપક છો સકળ ભુવનમાં – જેટલાં જીવન છે એ બધામાં તમે વ્યાપીને રહેલા છો. પરમાત્મા જેટલી સર્વવ્યાપકતા કોઈનામાં જોવા મળતી નથી. તેમની સર્વવ્યાપકતાના કારણે તેમની હાજરી સતત અને સર્વ જગ્યાએ હોય છે. જેમકે ઘડો અડધો જ ભરેલો હોય તો એમાં બીજું પાણી સમાઈ શકે પરંતુ પૂરેપૂરો ભરેલો હોય તો એમાં બીજું પાણી સમાઈ ના શકે. તો આમ, પરમાત્મા સકળ ભુવનમાં આવી શકે પરંતુ જે સર્વ જગ્યાએ છે – સર્વવ્યાપક છે તેને આવવા-જવાનું ક્યાંથી સંભવી શકે?

'નહીં આવે ને જાવે...' પછી આવવા-જવાનું રહ્યું જ ક્યાં? એ સર્વવ્યાપક તત્ત્વ - એ ક્યાં આવે? આપણે સામેના આરોગ્ય ભુવનમાં હતા ત્યારે આ રૂમમાં નહોતા. અહીં નહોતા તેથી આપણે અહીં આવી શક્યા. અહીં આવી ગયા પછી હવે આપણે અહીં ક્યાંથી આવીએ? હવે તો આપણે અહીં છીએ જ. તો, એ સદ્ગોરાં તો સર્વવ્યાપક છે. એવી કોઈ જગ્યા તો ખાલી હોવી જોઈએ ને કે જ્યાં તેઓ આવી શકે. આવી કોઈ જગ્યા તો ખાલી છે જ નહીં. પછી એમને આવવા-જવાનું ક્યાં રહ્યું?

**પાંચ પારખ લઈ પૃથ્વી, સ્થાવર જંગમ સ્થાપી.**

પૃથ્વી ઇત્યાદિ પંચમહાભૂત દ્વારા સ્થાવર અને જંગમની સ્થાપના રચના થઈ છે. હે ગુરુદેવ! હે પરમાત્મા! તમે તો પાંચ પારખ અર્થાત્ પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ - એ પંચમહાભૂતને લઈને તમામે તમામ સ્થાવર-જંગમની સ્થાપના કરી દીધી.

**ચૈતન્ય કરી ચલાવ્યાં, અમર બુંદ આપી.**

પશુ, પક્ષી, મનુષ્ય ઇત્યાદિ બધાં જ પંચમહાભૂતનાં જડ શરીરો હતાં. એમને ચૈતન્ય કરીને ચલાવ્યાં. જે જડ હતું એ પણ ચેતન કરી દીધું. એમાં ચેતનનો વાસ હતો એટલે જડ પણ ચાલવા લાગ્યું. આટલું જ ના કર્યું. જડને ચેતન કરીને ચલાવ્યાં અને તેને પાછી બક્ષિશ આપી, ભેટ આપી. શેની? અમર બુંદની. ચેતન કરીને તેમનામાં 'અમર બુંદ' મૂકી દીધું, એવી આશિષ સાથે કે 'તમને મેં જેવાં બનાવ્યાં છે એવાં જ બીજાં તમે બનાવી શકશો.' હે મનુષ્યો! તમે તમારામાંથી મનુષ્ય બનાવી શકશો! હે પક્ષીઓ! તમે પક્ષીઓને બનાવી શકશો. હે પશુઓ! તમે પશુઓને બનાવી શકશો.

"અમર બુંદ આપી." એનામાં એક તત્ત્વ મૂકી દીધું. એને માટે અમર બુંદ શબ્દ વાપર્યો. એ અમર બુંદથી દરેક જીવે પોતાના જેવી સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. 'અમર' બુંદ અર્થાત્ વીર્ય અને આત્મતત્ત્વ. તમારામાં અમર બુંદ; તમારે જે બાળક થાય તેનામાં પણ અમર બુંદ. આમ, એકબીજા એકબીજામાં અમર બુંદ મૂકતા જ ગયા જેથી એ સૌ અમર બુંદ દ્વારા પોતાના જેવી સૃષ્ટિ રચી શકે. એક શરીર પડે ત્યાં બીજું તૈયાર, બીજું પડે ત્યાં ત્રીજું તૈયાર; એમ પરંપરા ચાલે અને એ પ્રમાણે તેનું અમરપણું સિદ્ધ થાય.

**નામ-ઠામ બે બાદ કરીને, મૂળ પુરુષ જાચ્યો.**

નામ અને ઠામ એ બંને બાદ કરીને, તેમાંથી મૂળ પુરુષ જાચ્યો. 'જાચ્યો' શબ્દ અતિ સુંદર છે. જાચ્યો અર્થાત્ મેળવ્યો.

**ગુરુજી આપણા ગામે ગયા તને સાંભળે રે,**
**જાચવા કોઈક મુનિ મને કેમ વિસરે રે.**

કૃષ્ણ-સુદામા વિષે એક કવિતા આવતી એમાં આ 'જાચવા' શબ્દપ્રયોગ થયેલો.

'નામ-ઠામ....' જગત કેવું છે? નામ-ઠામવાળું, નામરૂપાત્મક. એને નામ છે અને રૂપ છે. બુદ્ધિથી જગતની કલ્પના કરો. ઇન્દ્રિયથી કોઈ પણ પદાર્થનો અનુભવ કરો. નાક દ્વારા ગંધનો, કર્ણ દ્વારા ધ્વનિનો, જીભ દ્વારા સ્વાદનો, ચામડી દ્વારા સ્પર્શનો, આંખ દ્વારા રૂપનો; તો એ બધાંને શું છે? નામ અને રૂપ. એનુ કંઈને કંઈ નામ છે, એને કોઈ ને કોઈ રૂપ છે. આપણી પાંચ ઇન્દ્રિયો દ્વારા આપણે જે કાંઈ અનુભવી રહ્યા છીએ એ પદાર્થને કાંઈ ને કાંઈ નામ આપેલું છે, એને કોઈ ને કોઈ આકૃતિ મળેલી છે. લાંબી, પહોળી, ટૂંકી; લાલ, પીળી, વાદળી; નરમ, કઠણ ઇત્યાદિ ઇત્યાદિ આકૃતિ છે. આ જગ્યાએ નામ-રૂપ ન કહેતાં નામ અને ઠામ કહ્યાં છે. નામ કહેતાં એનું નામ અને ઠામ કહેતાં એની આકૃતિ.

"નામ-ઠામ બે બાદ કરીને મૂળ પુરુષ જાચ્યો." જગતની કલ્પના કરો એટલે નામ-ઠામ આવીને ઊભાં રહેવાનાં. એ બંનેને બાદ કરીને 'મૂળ પુરુષ' — એટલે કે એ નામ-ઠામની અંદર રહેલો; જેનું નામ-ઠામ નથી એવું જે ચૈતન્ય, એવા જે પરમાત્મા, એવા જે સદ્દગોરાં — એને જાચો, એને ગોતી લો, એને પકડી લો. જ્યાં પણ નામ અને ઠામ દેખાય ત્યાં મૂળ પુરુષનો સહારો લઈને એ બંનેને બાદ કરી દેવાનાં એટલે કે મૂળ પુરુષને જ અનુભવવાનો. જેમકે સામે રોહિતભાઈ બેઠા છે. તો, એ રોહિતભાઈ એમનું નામ છે અને એમનું શરીર એ એક આકૃતિ છે, રૂપ છે. એ નામ અને રૂપને-ઠામને બાદ કરીને તેમાં વસતા મૂળ પુરુષને ગોતી લેવાનો. એવું જીવન કરી નાખવાનું, એવી કુશળતા પ્રાપ્ત કરી લેવાની.

દાસ સવા પર દયા કરીને
અભયદાન આપ્યો,
ગુરુ અભયદાન આપ્યો.

સવજીદાસ ઉપર ગુરુદેવે દયા કરીને શું આપ્યું? અભયનું દાન આપ્યું. આ અભયનું દાન ક્યારે મળે? મૂળ પુરુષને જાચો ત્યારે. જો મૂળ પુરુષને જોવાની દૃષ્ટિ પ્રાપ્ત થઈ જાય તો જ અભય મળે. ભય કોને છે? કાયાને, નામને, ઠામને. આત્માને ભય થોડો છે? આત્મા તો અજર-અમર છે. તો અભય થવું હોય તો નામ-ઠામને બાદ કરીને આત્મનિષ્ઠ થઈ જવું જોઈએ. આપણે આત્મામાં નિષ્ઠા રાખવી જોઈએ. આપણે દેહ નથી પણ આત્મા છીએ, આપણે ચૈતન્ય છીએ એવી સતત પ્રતીતિ થયા કરે તો કાળનો ભય ના રહે. કાળનો ભય કોને છે? ભય માત્ર કોને છે? આ કાયાને છે, શરીરને છે; આત્માને તો કાંઈ ભય છે નહીં.

ગુરુદેવ તરફથી અભયનું દાન મળ્યું ત્યારે આ સમજણ પ્રાપ્ત થઈ. કોને આ સમજણ પ્રાપ્ત થઈ? સવાભગતને. આમ, આ સવજી ભગતે ગુરુમહિમા ગાયો અને સદ્દગુરુની આરતી પણ ઉતારી. આજે સોમવારના દિવસે આપણે-અમે તેનો જેટલો બની શકે એટલો અર્થ કરવાનો પ્રયત્ન કર્યો. તમે સૌ તેને સારી રીતે સમજ્યા હશો. આનું જીવનમાં વર્તન કેમ થાય તેનો પ્રયત્ન કરીશું.

સત્ય-ધર્મ ગુરુદેવકી જય.

(ક્રમશઃ)

("ગુરુમહિમા" પુસ્તકમાંથી સાભાર)

# ઓમ્-જયંતી અહેવાલ

સંકલન : ગુરુપાદપંક

ઓમ્પરિવારના આધ્યાત્મિક વડા પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીએ પંચોતેરમા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો તેની ઉજવણી પ્રસંગે પૂજ્યશ્રીએ આશીર્વચનમાં કહ્યું કે —

"પંચોતેરમા વર્ષને અમૃત મહોત્સવ કહે છે. એટલે કે હવે પછીનો સમય મનુષ્ય માટે અમૃત જેવો મૂલ્યવાન છે. અમૃતનું એક ટીપું પણ બગડવું ન જોઈએ. હવેનો સમય કેવળ મનુષ્યજન્મ સાર્થક થાય તેવાં કાર્યો કરવામાં જ વાપરવો જોઈએ. વ્યવહાર, પ્રપંચ, મોહ, માયા, લોકેષણા વગેરે વગેરેથી સંપૂર્ણપણે હવે અલગ થઈ જવું જોઈએ. આટલાં વર્ષો તો તેની જોડે સંલગ્ન થઈને રહ્યા. પંચોતેરમા વર્ષ પછીના અમૃતમય સમયમાં કાંચનને બદલે કાચ લેવામાં ન છેતરાઈ જવાય તે માટે હરદમ સાવધાન રહેવું ઘટે."

ગુજરાતમાંથી અને ગુજરાત બહારથી પણ આવેલા ઓમ્‌પરિવારના ભક્ત-પ્રેમીઓએ પૂજ્ય ગુરુદેવનું પંચોતેરમું આખું વર્ષ અમૃત મહોત્સવ તરીકે ઊજવવાનું નક્કી કર્યું. સૌએ પોતપોતાના શહેરમાં લોકકલ્યાણના, જનજાગૃતિના, વ્યસનમુક્તિ અને ભ્રમભંજનનાં કાર્યો કરવાનો સંકલ્પ કર્યો; જેમકે ગાયત્રી-મારુતિ-યજ્ઞો, જયયજ્ઞો, સહાય, દવાખાનામાં દર્દીઓને ફલાહાર વિતરણ અને અનેક સુસંસ્કાર-પ્રેરક કાર્યક્રમો વગેરે વગેરે. અમૃત મહોત્સવ દરમ્યાન સર્વે ઓમ્‌પરિવારોએ મળીને વિશ્વશાંતિ માટે "ઓમ્ ગુરુ ઓમ્" ગુરુમંત્રના બે અબજ મંત્રોનો જપ કરવાનો સંકલ્પ કર્યો.

ઉપસ્થિત સર્વે પ્રેમીઓએ તથા સનાતન સંસ્થાએ પૂજ્યશ્રીનું અનેક પ્રકારે, ભાવવિભોર થઈને સન્માન કર્યું અને પૂજ્યશ્રીએ પણ સૌનું અનેક રીતે સન્માન કરીને આશિષ આપી. વલસાડનાં સાધક બહેન શ્રી સાધનાબેને એકસો એકાવન દીપકનો ચોક પૂર્યો અને સૌએ મળીને પંચોતેર દીપકથી પૂજ્યશ્રીની આરતી ઉતારીને પ્રસંગમાં પ્રાણ પૂરી દીધા. યોગદાના બ્રહ્મચારી શ્રી રશ્મિકાંત ભટ્ટ, હળવદ ટાઈમ્સના શ્રી વિજય શુક્લ, વલસાડ ઓમ્‌પરિવારના પ્રોફેસર શ્રી પ્રથમેશ પટેલ, હળવદ ઓમ્‌પરિવારના એવોર્ડ-પ્રાપ્ત શ્રી રમેશ પાઠક, 'ગણેશ' સામયિકના શ્રી પૃથ્વીસિંહ ઝાલા, 'હેલ્લો હળવદ'ના સંપાદક તથા તંત્રીશ્રી વગેરેએ પ્રસંગને અનુરૂપ ગુરુદેવના, સમાજસેવાના વિશાળ, પવિત્ર અને મનોવૈજ્ઞાનિક ઢંગથી કરાતાં કાર્યોની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરી. શ્રી રમેશભાઈ, શ્રી દમાભાઈ તથા શ્રી બળદેવભાઈએ ધૂન-સ્મરણ સાથે સંકીર્તન કરીને સૌના ઉત્સાહમાં ભરતી ચડાવી દીધી.

છેલ્લે સૌ પ્રસાદ લઈને સ્વસ્થાને પધાર્યા.

## નમ્ર નિવેદન

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજશ્રીના અમૃત મહોત્સવ વર્ષ દરમ્યાન ઓમ્‌પરિવારે વિશ્વશાંતિ માટે "ઓમ્ ગુરુ ઓમ્"ના બે અબજ મંત્રોનો જપ કરવાનો સંકલ્પ કરેલ છે. તો સર્વે વિશ્વશાંતિ-પ્રેમીજનોને સાગ્રહ-વિનંતી છે કે સૌ વર્ષભર યથાશક્તિ મંત્રોના જપ કરે અને વર્ષ દરમ્યાન જપેલા મંત્રોની સંખ્યા નીચેના સરનામે જણાવે.

નિવેદક :
ડૉ. સદ્‌ગુરુ સમર્પણભિક્ષુના
જય વિશ્વશાંતિ

સરનામું :

**ઓમ્ પરિવાર**

૩/બી, પલિયડનગર સોસાયટી,
જૈન મંદિર પાસે, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
દર્પણ છ રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

# મન-ભૂતને સતત સારા કામમાં રોકી રાખીએ
# બુદ્ધિની સૂક્ષ્મતા દ્વારા ચમત્કાર સર્જી શકાય

(૧) . શ્રી ગોવિંદભાઈ પ્રજાપતિ તથા શ્રી ચંદ્રકાન્તભાઈ પટેલ સહકુટુંબ અવારનવાર નારાયણપુરાથી "ધર્મમેઘ"માં દર્શન-સત્સંગાર્થે આવે. ક્યારેક ક્યારેક એવું બને કે તેઓ આવે ત્યારે અમે સીવવાના મશીન ઉપર કાંઈક સીવતા કે સાંધતા હોઈએ. એ સૌ ચટ્ટાઈ પાથરીને બેસે, હું મારું કામ પૂરું કરીને પછી તેમની સાથે બેસું. એટલે ગોવિંદભાઈ મોઢું મરકાવતા મરકાવતા કહે કે ''બાપુ! આપને આ રીતે અવારનવાર કામ કરતા જોઈને અમને ગાંધીજીની યાદ આવી જાય છે. જ્યારે પણ અમે આવીએ છીએ ત્યારે આપ કાંઈ ને કાંઈ કામ કરતા જ હો છો. આપને આ રીતે કાર્યમગ્ન જોઈને અમને ખૂબ પ્રેરણા મળે છે અને આનંદ થાય છે."

અત્યારે તો સિલાઈ મશીન છે પણ સાવ નાના હતા ત્યારે મશીન ન હતું. તે વખતે પણ જૂના લેંઘા-પાટલૂન વગેરેના પાયચામાંથી હાથે સીવીને થેલીઓ, ઓશીકાનાં કવર વગેરે બનાવતા. તે બનાવવામાં અને વાપરવામાં અલૌકિક આનંદ મળતો.

(૨) અમારી રૂમની બારીમાંથી સાંજે તડકો રૂમમાં આવે તેથી તેના ઉપર દમાભાઈ પાસે છાપરું કરાવી લીધું. છાપરું થયું એટલે તેટલા ભાગમાં સરસ છાંયો થઈ ગયો અને વરસાદનું પાણી પડવાનું પણ બંધ થયું. એટલે વિચાર આવ્યો કે છાપરાની નીચે નાનકડો હીંચકો બાંધ્યો હોય તો બહાર ખુલ્લામાં અવાર-નવાર બેસવા થાય. થોડા દિવસ હીંચકા તરીકે એક ખુરશી બાંધી, સરસ હીંચકા ખવાય. પણ તે પર અમે એકલા જ બેસી શકીએ. એના માટે વિચાર શરૂ થઈ ગયા. કમ્પાઉન્ડની દીવાલ પર આરામ ખુરશી દશેક વર્ષથી ટીંગાડી રાખેલી હતી તેના પર નજર ચોંટી. તેના પર એટલો કાટ ચડી ગયેલો કે ખુરશીના પાઈપ પૂરા દેખાય પણ નહીં. ખુરશીના રિવેટ કાઢીને તેનાં બે ચોકઠાં જુદાં કર્યાં, હર્ષદ માસ્તરે અને અમે બંનેએ મળીને ઈંટારાથી અને કાચ પેપરથી ખુરશીના પાઈપ સાફ કરીને રંગ લગાડી દીધો એટલે બંને ચોકઠાં નવાં થઈ ગયાં. બંને ચોકઠામાં ખાટલાની જૂની પાટી ભરી દીધી કે જે ઘણા સમયથી કાઢી નાખેલી હતી. અને બંને ચોકઠાંને વ્યવસ્થિત કરીને બાંધી દીધાં. મોટું ચોકઠું બેસવા માટે અને નાનું ઓઠીંગણ માટે. હીંચકો તૈયાર! મોટા ય હીંચે અને નાના ય હીંચે. હીંચકાની સાંકળ નીમુબેને ઠાસરાથી મોકલેલી. એમને અનાજની દુકાન હતી ત્યારની ત્રાજવાની સાંકળો પડી હતી તેનો સદ્ઉપયોગ હીંચકામાં થઈ ગયો. હવે રોજ સાંજે દર્શનને (યોગેશભાઈના એક વર્ષના બાબલાને) હીંચકે બેસાડીને ગાઈએ છીએ કે "દર્શન ભૂખ્યો નથી... દર્શન તરસ્યો નથી... દર્શન હીંચે... છે..."

હીંચકાના પાઈપ રંગવા માટે રંગની ડબ્બી રૂપિયા પચ્ચીસની બહારથી લાવવી પડી. તેથી અમે હર્ષદ માસ્તરને કહ્યું કે માસ્તર! આ રંગની ડબી બહારથી લાવવી પડી, તેના માટે પણ બુદ્ધિ બરાબર દોડાવવી જોઈએ. ઘરમાંથી જ એવું કાંઈક શોધી કાઢવું જોઈએ કે તેનાથી કામ ચાલે. અહીં લોભની વાત નથી પણ આપણા મગજની દરિદ્રતાની વાત છે, આપણું મગજ એ શોધી ન શક્યું તેની અહીં નોંધ લીધી છે – તેની અહીં ટકોર કરી છે.

પછી તો જે કોઈ સ્નેહીઓ આવે તે સર્વને આ હીંચકો બતાવવામાં અમને ખૂબ આનંદ થતો. એ આનંદ હતો એક પ્રકારના સર્જનનો! સર્જનનો આનંદ પણ અલૌકિક હોય છે.

(૩) ટેરીકોટનનો ઝભ્ભો તો અમારે લગભગ દસ-પંદર વર્ષ સુધી ચાલે છે પણ સુતરાઉ ધોતિયું એકાદ વર્ષ માંડ ચાલે. વચ્ચેથી - થાપાના ભાગે ઘસારો પહોંચે. બંને બાજુના છેડા સારા હોય. એટલે વચ્ચેનો ઘસાયેલો ભાગ – લગભગ અડધા વારનો ટુકડો કાઢી નાંખીએ અને બંને છેડાના ભાગથી સીવી લઈએ એટલે ધોતિયું તૈયાર. આવી રીતે સાંધેલા ધોતિયાને દેશી ભાષામાં "દાંડિયું" કહે છે. માંગનારા સાધુ અવારનવાર એ દાંડિયાં લઈ જાય છે. એ લોકો તો દાંડિયાને બેવડું કરીને લુંગીની જેમ પહેરે એટલે એમનું તો આબાદ કામ થઈ જાય. વળી દાંડિયાં ઘરમાં ગોદડાંની ખોળો

બનાવવામાં પણ કામમાં આવે છે.

(૪) ઉમરેઠમાં ઓમ્ પરિવારનું કેન્દ્ર ચાલે છે એટલે ત્યાં અવારનવાર જવાનું થાય. ગોપાલભાઈના ત્યાં બાથરૂમમાંથી સ્નાન કરીને બહાર નીકળ્યા પછી અમે બેનને કહ્યું કે બાથરૂમમાં પલાળેલું ધોતિયું છે તે નવું જ છે, તે પોવડાવીને તુરત સૂકવી દેજો, સાંજે ડાકોરના કાર્યક્રમમાં પહેરવા જોઈશે. થોડો વધુ ખુલાસો કરતાં કહ્યું કે નવું એટલે કે છ મહીનાથી પહેરું છું તે. જૂનું એટલે કે દોઢ બે વર્ષથી પહેરાય છે તે. બે દિવસ પછી બેને પૂછ્યું કે બાપુ! બાળકો (તેમનાં દીકરો-દીકરી) પૂછતાં હતાં કે બાપુ જૂનાં કપડાં કેમ પહેરે છે? નવાં કેમ નથી પહેરતા? અમે જવાબમાં કહ્યું કે બાળકોને તો એમ જ હોય ને કે બાપુ નવાંનવાં કપડાં પહેરે. તેમને બિચારાંને એ ખબર થોડી જ છે કે કોઈને આપવું હોય તો નવું વસ્ત્ર આપી શકાય; કાંઈ જૂનું થોડું જ અપાય છે?

આપણા રસોડામાંથી એંઠવાડરૂપે નીકળતા અતિ કીમતી અન્નને પણ જો જેમ-તેમ ફેંકી દેવામાં ન આવે તો તેનાથી કેટલાય જીવોની ઉદરપૂર્તિ થાય. આવી બધી કાળજી-ખેવના રાખવી તે આપણા જીવનનો આનંદ બની જવો જોઈએ. સાચી સમજણ દ્વારા આપણે પોતે જ ચમત્કાર સર્જી શકીએ. ઘરમાં પણ અવારનવાર નીકળતાં, હાથે થઈ શકે તેવાં કડિયાકામ, લુહારીકામ, સુથારીકામ, દરજીકામ, ભરત, ગૂંથણ વગેરે પણ હાથે જ કરી લઈએ. અમે સ્વેટર કઈ રીતે બનાવતા તે પણ એક જાણવા જેવું રહસ્ય છે.

નાના હતા ત્યારની આ વાત છે. ગોળના રવાને બાંધવાનું જે છણિયું નીકળે તેને ખૂબ સારી રીતે ધોઈને તેની એકે એક પાતળી સૂતળી જુદી કરીને તેને સરસ મજાની રંગી નાંખતા. તે એકેક વારના દરેક ટુકડાને ગાંઠો મારીને સાંધી દેતા અને એનો એક મોટો દડો બનાવતા. કોઈ પણ જુવે તો એ ઊનનો જ દડો લાગે. તેમાંથી પછી અમે ચાર સોયાનું સ્વેટર અને મફલર બનાવતા. રંગે રૂપે અસલ ઊનનું જ સ્વેટર અને હૂંફ પણ ઊન જેવી જ આપે. ગાંઠો બધી અંદરના ભાગમાં આવી જાય.

આવાં રહસ્યો નહીં જાણનારાઓને આ બધી વાતોમાં કદાચ લોભ કે મખ્ખીચૂસપણું કે ચમડી ટૂટે પણ દમડી ન છૂટે એવી વૃત્તિ દેખાય કે કોઈને મૂર્ખપણું, વેદિયાપણું, બોચિયાપણું, જુનવાણીપણું વગેરે દેખાય. ઉપર ઉપરથી જોનારાઓને એમ જ લાગે, એમને ક્યાં ખબર છે કે જાતે દાંડિયાં પહેરીને નવાં વસ્ત્રો ભેટ અપાય છે. ઘરે મળવા આવનાર યોગ્ય વ્યક્તિઓનું સન્માન કરવા માટે કોઈને પોતી તો કોઈને ઝભ્ભો તો કોઈને શાલ, સાડી, ખેસ કે અન્ય બીજી કોઈ ઉપયોગી વસ્તુ ભેટ આપી - ઓઢાડીને તેમનું સ્વાગત-સન્માન કરાય છે - આનંદ પમાય છે.

ઉપરોક્ત ઘરનાં બધાં કાર્યો જાતે કરવામાં સમય ખૂબ આનંદમાં પસાર થાય, કાંઈક સર્જન કર્યાનો સંતોષ અનુભવાય, કલાકારમાં રહેલી જાતભાતની કળા કરવાની ભૂખની પણ તૃપ્તિ થાય અને આર્થિક રીતે પણ લાભ જ થાય. આમ લાભ, તૃપ્તિ, સંતોષ અને આનંદનો કોઈ પાર નહીં. આ બધી પ્રાપ્તિઓથી જીવન હર્યુંભર્યું લાગે, એકલતા સતાવે નહીં. અને આ બધી સાત્ત્વિક પ્રાપ્તિઓના કારણે આરોગ્ય અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય એ તો સ્વાભાવિક જ છે.

જીવન જીવવાની સાચી કળાને જે જાણે, માણે અને પ્રમાણે તેનાથી મોટો કલાકાર બીજો કોણ હોઈ શકે? જીવનમાં આવી રીતે, ત્રેવડથી-કરકસરથી જીવવાની અનેક તકો સાંપડતી હોય છે જે ઝડપી લેવી જોઈએ. તેથી જ તો કહ્યું છે કે "ત્રેવડ ત્રીજો ભાઈ છે." આવી વાતોને પણ સાચી રીતે સમજવાની ત્રેવડ હોવી જોઈએ, તો તેનો પૂરો લાભ પામી શકાય. મફતમાં મળેલા અમૃતને "અમૃત" સમજવાની પણ ત્રેવડ હોવી જોઈએ. નહીં તો "ચિડિયા ચુગ ગઈ ખેત" જેવું થાય.

ઉપવાસ અને ભૂખમરામાં જેટલો તફાવત છે તેટલો જ લોભમાં અને કરકસરમાં છે. કરકસર માટે બુદ્ધિને સારી રીતે કસવી પડે છે. બુદ્ધિ જેમ-જેમ વધુ કસાશે તેમ-તેમ તેમાંથી વધુ ને વધુ તેજકિરણો બહાર ફેંકાશે. આરપાર-સોંસરવાં નીકળી જનાર એ તેજકિરણોથી અનંત જન્મોના અંધકારના ડુંગરો ભેદાઈ જશે.

મન અતિ ચંચળ છે. તેને જો સારા કાર્યોમાં રોકેલું નહિ રાખીએ તો તે ખોટા કામમાં લાગી જશે. પેલું જૂનું દષ્ટાંત છે ને કે એક ભાઈએ ભૂત સાધેલું. તે તેને સતત કામમાં રોકી રાખતો. જ્યારે કાંઈ જ કામ ન હોય ત્યારે તે ભૂતને એક

થાંભલા પર ચડવા-ઊતરવામાં રોકી રાખતો. જો એમ ન કરે તો નવરું પડેલું ભૂત તેને ખાઈ જાય. આ ભૂતનું દૃષ્ટાંત મન માટે જ છે. વળી જેઓ મનને સતત સારાં કાર્યોમાં રોકી રાખે છે તેઓને "સમય પસાર નથી થતો" તેની ફરિયાદ નથી રહેતી.

જેનો જીભ પર કાબૂ, તેનો જગ પર જાદુ;
જેનું જીવન સાદું, તેનું આરોગ્ય ઝાઝું;
કરકસર છે કામધેનુ; દે છે અમૃત દિન-રૈનુ;
કમ ખાઓ જો ગમ ખાઓ, તો દુઃખથી મુક્તિ પામો.

— યોગભિક્ષુ

# પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જીવનગાથા

પ્રવક્તા : યોગભિક્ષુ
સંકલન : નૈષધ વ્યાસ

## કાર્ય-સંલગ્નતા
## (ડૉ. કાંતિભાઈની)

અવારનવાર ડૉકટરભિક્ષુજીના ઘેર ભોજન-પ્રસાદ લેવાના પ્રસંગો બને. ભોજન વખતે લગભગ ડૉ. કાંતિભાઈ (ડૉકટરભિક્ષુજીના નાનાભાઈ) હાજર હોય જ. અમે ભોજન કરતા હોઈએ ત્યારે તેઓ અમને વધુમાં વધુ સગવડતા મળે તેના જ વિચારોમાં તલ્લીન હોય. જેમકે કોઈ વાટકીની વાનગી લેવા માટે અમારે થોડો લાંબો હાથ કરવો પડતો હોય તો તુરત તેમનું ધ્યાન ત્યાં જાય અને તુરત તે વાટકી અમારી નજીક મૂકી દે. દાળની વાટકીમાંથી જો અમે ઉપર-ઉપરથી પાતળી દાળ જ લેતા હોઈએ તો તુરત જ પાતળી દાળની વાટકી રસોડામાં જઈને લઈ આવે. શાકમાંથી અમુક જ શાકનું ફોડવું જો અમે લેતા હોઈએ તો તેઓ તુરત જ તે ફોડવાવાળા શાકની વાટકી હાજર કરી દે. દૂધપાકમાંથી જો અમે બદામ, ચારોળી, પિસ્તા વગેરે કાઢી નાખતા હોઈએ તો તેઓ તુરત તેના વિનાના દૂધપાકની વાટકી અમારા ભાણામાં મૂકી દે. અમારી થાળીમાંની પૂરી કે રોટલી ઠંડી થવાની અમે રાહ જોતા હોઈએ ત્યાં તો તેઓ ઠંડી રોટલી ઉપાડી લઈને બીજી ગરમ રોટલી મૂકી દે. આમ, ભોજનના પ્રારંભથી માંડીને ભોજનના અંત સુધી અમને જમાડવાના કાર્યમાં તેઓ તદ્રૂપ-તલ્લીન થઈને જાણે સમાધિ લગાવી દે. ભોજનના પ્રારંભમાં નવશેકા પાણીથી હાથ ધોવડાવ્યા હોય તે ભોજનાન્તે પણ તે રીતે જ હાથ ધોવડાવીને બ્રશ લઈને હાથધોવણિયા (વોશબેસિન) પાસે ઊભા હોય. અમે ભોજનકાર્ય બધું પતાવીને આરામ માટે ખાટલામાં બેસીએ એટલે તેઓ 'જય નારાયણ' કહીને વિદાય લે.

પોતાના કાર્યમાં જો આટલી સંલગ્નતા ન હોય તો ડૉકટર (સર્જન) થઈ જ ના શકાય. આવી વ્યક્તિઓ જો પોતાની સંલગ્નતાને ઈશ્વર તરફ વાળે — મનુષ્યજન્મ સફળ કરવા તરફ વાળે તો તેમાં પણ ખૂબ ઝડપથી આગળ વધી જાય.

બહારગામ એક વખત એવું બન્યું કે જમતી વખતે પાણીનો લોટો ટેબલ પર દૂર મૂકેલો. થોડું જમ્યા પછી અમને પાણીની જરૂર પડી એટલે જમાડવા માટે બાજુમાં ઊભેલા ભાઈને અમે નામ લઈ બોલાવ્યા, પણ તેઓનું ધ્યાન તો કાંઈ બીજે જ હતું. તેમનું ધ્યાન ખેંચવા અમે ખાલી વાટકી થાળીમાં ખખડાવી તોય તેમનું ધ્યાન અમારા તરફ ન ગયું પણ રસોડામાંથી એક બેન દોડતાં આવ્યાં. આનું નામ જ "દુવિધામેં દોનોં ગયે, માયા મિલી ન રામ."

ગીતામાં કહ્યું છે કે "યોગઃ કર્મસુ કૌશલમ્" પોતાનું દરેક કાર્ય કુશળતાપૂર્વક કરવું જોઈએ. કાર્ય કુશળતાપૂર્વક કરવું હોય તો કાર્યમાં તલ્લીનતા, તદ્રૂપતા, સાવધાનતા હોવી જોઈએ. બાકી તો ખાવું, પીવું અને પ્રજા ઉત્પન્ન કરવાનું કાર્ય તો પશુ-પક્ષીઓ પણ કરે છે. પરંતુ મનુષ્યની વિશેષતા એટલા માટે ગણાય છે કે તે કર્મમાં કુશળતા સાધીને મોક્ષની પ્રાપ્તિ પણ કરી શકે છે. અનુભવીઓએ સાચું જ કહ્યું છે કે "એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય; જો તુ સેવે મૂલકો, ફૂલે-ફલે અઘાય."

## પ. શ્ર. માં અનંતાનંદજીનાં દર્શને

તા. ૧/૧૧/૦૨

તા. ૩૧/૧૦/૦૨ના રોજ ધામધૂમથી ઓમ્-ગુરુદેવ-જયંતી ઉજવાણી. તા. ૧-૧૧-૦૨ના રોજ પંચોતેરમાં વર્ષનો પ્રારંભ થયો. ભક્તોએ પંચોતેરમું આખું વર્ષ અમૃત મહોત્સવ

તરીકે એટલે કે પવિત્ર, કલ્યાણકારી કાર્યો યથાશક્તિ-મતિ કરીને ઊજવવાનું નક્કી કર્યું. અમે પણ તા. ૧/૧૧ ના દિવસે પૂ.માં શ્રી અનંતાનંદજીના દર્શન કરવા ગયા. તે વખતે તેઓશ્રી પાલડીના પોતાના દવાખાને હતા. અમે ફોન દ્વારા મળવાની અનુમતિ માગી તો તેમણે કહ્યું કે "આપ અવશ્ય આવો. અમને ખૂબ આનંદ થશે." અમે અને ડૉ. ભિક્ષુજી સાંજે પાલડી દવાખાને ગયા. તેઓ બધાં જ કાર્યો પડતાં મૂકીને ઉપરની રૂમમાં અમને સહર્ષ મળ્યા. અમે કાંઈ શિષ્ટાચાર કરીએ ત્યાર પહેલાં તો તેમના પરમ શિષ્યા બ્રહ્મચારિણી "બાબાજી"એ અમને પુષ્પમાળા પહેરાવીને એક તસતસતું કવર અમારા પગમાં મૂકી દીધું. પછી અમે પણ માતાજીને, બાબાજીને, કૃષ્ણાબેનને વસ્ત્ર ઓઢાડીને તેમનું સ્વાગત-સન્માન કર્યું. માં ખૂબ આનંદમાં હતાં, ખૂબ હસીહસીને અમારા ઉપર લાગણીનો વરસાદ વરસાવી રહ્યાં હતાં. તેઓ કહે કે "આજે તો આપે નહીં, અમારે બધો શિષ્ટાચાર કરવાનો હોય." અતિ આગ્રહપૂર્વક તેમના વહેલાલ આશ્રમમાં અમારો (ઓમ્ પરિવારનો) એક કાર્યક્રમ ઊજવવાનું નિમંત્રણ આપ્યું. તેઓ તો બે-ચાર દિવસમાં જ સત્સંગ-સ્વાધ્યાયનો કાર્યક્રમ તેમના આશ્રમમાં રાખવાનો આગ્રહ કરતાં હતાં પણ દિવાળીના દિવસો હોવાથી અમે જઈ ના શક્યા. હવે પરમાત્માની કૃપા થશે ત્યારે આશ્રમની પવિત્ર ભૂમિ પર સત્સંગ-સ્વાધ્યાયનો લહાવો લેવા જઈ શકાશે.

**નારાયણ સ્વરૂપ પ.શ્ર. નારાયણદાસજીનાં દર્શને**

અમે તા. ૧૧/૦૨ના રોજ નડિયાદ મુકામે સંતરામ મંદિરમાં પૂજ્ય નારાયણદાસજી મહારાજશ્રીનાં દર્શને ગયા. અમે, ડૉ. ભિક્ષુજી, દેવુભાઈ, દમાભાઈ, પંકજભાઈ અને ચિ. તત્સત્; એમ છ જણા હતા.

રાત્રે લગભગ આઠ વાગ્યે સંતરામ મંદિર પહોંચ્યા. પૂ. મહારાજશ્રીની તબિયત ખૂબ નરમગરમ રહે છે. અઠવાડિયામાં ત્રણ વખત ડાયાલિસિસની વિધિ કરવી પડે છે. અમારા આવ્યાની ખબર પડી એટલે અમને સૌને તેમની રૂમમાં બોલાવ્યા. અમારા માટે રાખેલી ખુરશીમાં અમે બેઠા; સાથેના પાંચેય ભાઈઓ ઊભા રહ્યા. તેઓ અંદરની રૂમમાંથી બેઠકરૂમમાં આવીને તેમના પલંગ ઉપર, પગ લટકતા રાખીને બેઠા. અમે ઓમ્ નમો નારાયણ કર્યા અને અમારા પંચોતેરમા વર્ષમાં પ્રવેશની વાત તેમને જણાવી. આટલી વાત કહેતાં અમે ખૂબ લાગણીશીલ થઈ ગયા, તેમની નરમ તબિયત જોઈને અમે સહેજ ગળગળા પણ થઈ ગયા. યથામતિ અમે શિષ્ટાચાર કર્યો. અમે લઈ ગયેલ પુષ્પમાળા તેઓ સવારે સમાધિ-મંદિરમાં ચઢાવશે એમ કહી માળા તેમના સેવકોના હાથમાં આપવાનું કહ્યું. અમે કહ્યું કે પુષ્પમાળા સવારે તો ખરાબ થઈ જશે, તો તેઓ કહે કે ફ્રિજમાં રાખીશું. તેમના સેવકો દ્વારા તેમણે પ્રસાદીરૂપે એક તસતસતું કવર અને એક વુલસિલ્કની શાલ તથા કોથળી ભરીને મગજ-મૈસુરનો પ્રસાદ આપ્યાં. સાથેના પાંચે ભાઈઓને પણ મગજ-મૈસુરનો એક-એક કોથળી પ્રસાદ મળ્યો.

મહારાજશ્રીને લગભગ આ ચોથી વખત મળવાનું થયું. દર વખતે થોડું થોડું હસતા હોય અને થોડી વાત પણ કરે; વિદાય લઈએ ત્યારે કહે કે આવતાં-જતાં દર્શન આપજો. આ વખતે બિલકુલ હસતા નહોતા, ફક્ત એટલું જ બોલ્યા કે "ઘણા વખતે આવ્યા." અમે, બે અબજ ઓમ્ ગુરુ ઓમ્ ના મંત્રો જપવાની અમારી યોજનાની વાત કરી ત્યારે પણ એટલું પૂછ્યું કે લખીને કરવાના છે કે જપીને? અમે કહ્યું જપીને.

આમ, અમારા પંચોતેરમા વર્ષનો પ્રારંભ બે આધ્યાત્મિક માતા-પિતાનાં દર્શન-આશિષથી થયો. અમે પણ સૌને આશિષ આપતા હોઈએ એટલે અમારી આશિષ-ઝોળી ખાલી થઈ જાય એટલે અમારે પણ એ ખાલી ઝોળી પાછી આશિષથી છલકતી કરવી જોઈએ ને? કેવળ વાપરતા જ રહીએ અને જમા ન કરાવીએ તો ગમે તેટલી મૂડી હોય તોય ખૂટી જાય. અસ્તુ.

વિદાય થતી વખતે હું નમસ્કાર કરવા વાંકો વળ્યો તો તેમણે મારા બંને જોડાએલા હાથ પકડી લીધા. મેં કહ્યું કે આ તો અમે અમારા સંતોષ માટે નમસ્કાર કરીએ છીએ, આપ લાભ લેવા દો. પછી તેઓશ્રીએ મારા હાથ છોડ્યા અને મેં નમસ્કાર કર્યા. આવો જ પ્રસંગ, સ્વપ્નમાં મુક્તાનંદ બાબા જોડે થયેલો.

**બાબાનું સ્વપ્ન (તા. ૮-૧૧-૦૨)**

બપોરે જમીને મારી રૂમમાં ખાટલા પર સૂતો હતો. થોડી વારમાં ઝપકી આવી ગઈ. દિવા સ્વપ્નની શરૂઆત થઈ.

હું તકિયાને ઓઠીંકણ દઈને બેઠો છું. બાજુમાં ઓશીકું

પડ્યું છે. બાબા મુક્તાનંદજી આવ્યા અને ઓશીકા બાજુ પલાંઠી વાળીને બેસી ગયા. ખાટલા ઉપર મચ્છરદાની નાખેલી છે. બાબા આવીને બેઠા એટલે મેં બાબાના મોઢા સામે જોયું. એમની ડાબી આંખ સૂઝેલી હતી; એ જોઈને મારા મોઢામાંથી ઉદ્ગાર નીકળી પડ્યો કે અરે!! આ શું કરી આવ્યા?! તેમની ડાબી આંખની ફરતે લાલ-લાલ થઈ ગયું હતું અને સોજો આવી ગયો હતો. ડાબી આંખના ડોળાની ડાબી બાજુ સફેદ-સફેદ વાલ જેવડા કદનું ફૂલા જેવું કંઈક દેખાતું હતું, એની સામે હું જોઈ રહ્યો. આ શું છે? આ શું છે? એમ વિચારીને ધારીધારીને હું સહેજ નમીને તેમની આંખમાં જોવા લાગ્યો. તો બાબાજીએ બંને આંખો બંધ કરીને મારી તરફ ઝૂકવા માંડ્યું.

પોતે પલાંઠી વાળીને બેઠા હતા. કલેવર ખાસું મોટું હતું. માથે ગરમ ટોપી પહેરી હતી તે ઉપર મચ્છરદાનીને અડતી હતી. કાયમ પહેરતા તે કપડાં પહેર્યાં હતાં. એક કપડું ડોક સુધી વીંટેલું, એક કપડું લુંગી તરીકે વીંટેલું. તે લિબાસમાં પોતે બેઠા હતા. એમને એમ બેઠા બેઠા જ મારી તરફ નીચા નમતા ગયા, નીચા નમતા ગયા. મેં તેમને કહ્યું કે બસ, હવે વધુ ના નમશો હું જ તમારી નજીક આવું છું. એમ કહી હું તેમના તરફ ખસ્યો. ત્યાં રસોડામાંથી મારી બાનો અવાજ આવ્યો, મુગટ... મુગટ... હું ખાટલામાં બેઠા બેઠા જ બોલ્યો કે આવ્યો બા. એમ કહી મચ્છરદાની ઊંચી કરી હું ખાટલાની નીચે ઊતર્યો. બાબાજીને કહ્યું કે આવું છું.

મને એમ કે બાને, ભારતીને વગેરે બધાને કહું કે બાબા મુક્તાનંદજી પધાર્યા છે અને મારી રૂમમાં બેઠા છે. આમ વિચારી હું રસોડામાં ગયો. પણ ત્યાં કોઈ દેખાતું નહોતું. મેં એમ માન્યું કે બધા આગળના ભાગમાં વરંડામાં બેઠાં હશે. વરંડા તરફથી થોડો થોડો અવાજ આવતો હતો. મારા મોટાભાઈ અને બીજાં બે-પાંચ જણાં ત્યાં હોય એવું લાગ્યું. એટલે રસોડામાં ઊભા ઊભા જ મેં વરંડામાં જોયું અને વરંડા તરફ જવા માટે, પ્રયાણ કરવા માટે જ્યાં મેં બે-એક ડગલાં ભર્યાં ત્યાં જ મારી આંખો ઉઘડી ગઈ.

હું ડાબા પડખે - અડધું ડાબું પડખું દબાવીને સૂતો છું. અડધો ડાબો હાથ દાઢીએ આંગળી અને અંગૂઠા પહોળા કરીને લાગેલો છે. જમણો હાથ કાળજા ઉપર છે. પગ લાંબા કરેલા છે. મારા મનમાં હરખનો કંઈ પાર નથી! વિચારું છું કે બાબા મહિનામાં એકાદ વખત તો (સ્વપ્નમાં) આવે જ છે. અનેક વખત અનેક રીતે બાબા આવ્યા. ક્યારેક દીક્ષા આપે, ક્યારેક મંત્ર આપે, ક્યારેક તેઓ નમસ્કાર કરે, ક્યારેક હું નમસ્કાર કરું તો મારા હાથ પકડી રાખે. આમ ઘણી વાર તેઓ સ્વપ્નમાં આવ્યા. પણ 'ધર્મમેઘ'માં જ, મારી રૂમમાં મારા ખાટલા ઉપર જ મચ્છરદાનીમાં આવીને તેઓ બેઠા હોય તેવું તો આ પહેલામાં પહેલું જ સ્વપ્ન આવ્યું. એમ વિચાર કરતાં કરતાં સામે દીવાલ ઉપરની ઘડિયાળમાં જોયું તો બરાબર બે વાગવામાં પાંચ મિનિટ બાકી હતી.

સ્વપ્નની દુનિયા પણ મહા અલૌકિક અને મહા રહસ્યમય છે. કેવા કેવા પ્રકારનાં કલ્પનાતીત, કેવાં દિવ્ય અને અલૌકિક સપનાંઓ! ક્યારેક મહા ભયંકર અને દુઃખ દે એવાં સ્વપ્નો આવે છે, જેની આપણે કદી કલ્પના ના કરી હોય, જેનો થોડો પણ અંદાજ મેળવી ના શકીએ તેવાં સ્વપ્નોનું રહસ્ય કોણ ઉકેલી શકે? અસ્તુ.

### વેસ્ટમાંથી બેસ્ટ (ત્રણ પ્રકારે)

ફર્નિચર બનાવવા માટે અમે સુથારને બોલાવેલા. ફર્નિચરનું કામ પૂરું થયું એટલે સુથારો તો ગયા. પણ એ ફર્નિચર બન્યા પછી લાકડાની કચરપટ્ટી ખૂબ બચેલી. આમ તો એને કચરામાં જ ફેંકી દેવાની હતી પણ અમારો જીવ રહ્યો કલાકાર (કરકસરિયો) એટલે એ બધી મોંઘી વસ્તુઓ નાખી દેતાં જીવ કેમ ચાલે? એટલે અમે તો એ બચેલા ટુકડાઓમાંથી સારા સારા પાટિયાના ટુકડા, સારી સારી પટ્ટીઓ, સારા સારા ફોરમાઈકાના ટુકડાઓ વીણી લીધા. અમુક ટુકડાઓ તો તૈયાર જ હતા. એ બધાને માપેમાપે, માપેમાપે લઈ અને ખીલીઓ મારી અને બે નાનાં ટેબલ તથા બે ઘોડા બનાવ્યા. એક ટેબલ ઉપર ફોરમાઈકાના નાના ટુકડાઓથી ડિઝાઈન બનાવી. પછી એ ચારેય દાગીનાઓ ઉપર રંગનું પીંછું મારી દીધું એટલે એ બધા અપ-ટુ-ડેટ દેખાવા લાગ્યા.

'ધર્મમેઘ'માં જે કોઈ આવે અને કંઈક વાત નીકળે એટલે અમે તેમને કહીએ કે જુઓ આ બે નાનાં ટેબલ અને બે નાના ઘોડા. ફર્નિચર બનાવતાં બનાવતાં જે થોડો વેસ્ટ પડેલો, કચરો બચી રહેલો એમાંથી અમે જાતે બનાવ્યાં.

ઘડીક તો કોઈ એ વાત માને જ નહીં, એમ સમજે કે ગુરુજી મશ્કરી કરે છે. પણ પછી અમારી ગંભીરતા જોઈ એમને એમ થાય કે હા, ગુરુજીએ બનાવ્યાં હશે. આમ, કચરામાંથી ઉપયોગી વસ્તુઓ બનાવવી એ બચપણથી જ અમારા રસનો વિષય, અમારા આનંદનો વિષય. આ પ્રકરણમાંથી બચપણના કેટલાક પ્રસંગો યાદ આવે છે.

### છોકરો ભૂખે નહીં મરે

સાવ બચપણમાં હળવદમાં હતા ત્યારથી આવી વસ્તુઓ અમે બનાવતા. રેંટિયો બનાવતા, તકલી બનાવતા, પતરામાંથી નાની સૂપડી બનાવતા. તકલી બનાવવામાં છત્રીનો સળિયો લઈએ. વેંતભર સળીયો. એના એક છેડાને જરા ટીપીને કાનસ મારી પછી ખાંચો પાડી દઈએ. બીજા છેડાને ઘસીને અણી કાઢીએ. તકલીમાં જે પિત્તળની ચકરડી હોય એને બદલે છત્રીના સળિયામાં એ જગ્યાએ, ઢબુડિયા પૈસામાં કાણું પાડી ફિટ બેસાડી દઈએ. આમ તકલી તૈયાર. એ જમાનામાં ઢબુડિયો પૈસો મળતો; એને ઢબૂ કહેતાં, બેવડિયો પૈસો કહેતાં. હાથે બનાવેલી તકલીમાં છત્રીનો સળિયો અને ઢબૂ પૈસાની ચકરડી! પછી એનાથી કાંતીએ પણ ખરા.

અમારા મોટા બાપા કેશવજી જોશી. અમે હોંશે હોંશે તેમને બતાવીએ કે જુઓ બાપા, અમે તકલી બનાવી, સુપડી બનાવી. તેઓ અમારી બનાવેલી વસ્તુઓ હાથમાં લઈ ધ્યાનપૂર્વક જુએ અને ખૂબ ખૂબ ખુશ થાય અને એમના મોંઢામાંથી ઉદ્ગાર સરી પડે કે "આ છોકરો કદી ભૂખે નહીં મરે!" આહાહા...! કેવા આશીર્વાદ આપી દીધા! 'આ છોકરો ભૂખે નહીં મરે' એટલું કહીને તો એમણે એમની કૃપાનું બખ્તર પહેરાવી દીધું, કૃપાનો વરસાદ વરસાવીને અમને સંપૂર્ણ ભીંજવી દીધા.

એ કાળ એવો હતો કે છોકરો ઉંમરલાયક થાય અને પોતે ભૂખે ના મરે એટલું કમાતો થઈ જાય એટલે ભયો ભયો, જંગ જીત્યા. એ વખતમાં લાડી, વાડી, ઘોડી, મોટર, બંગલા, એ બધું મેળવવાની તો વાત ક્યાં રહી? ફક્ત પેટ ભરવા જેટલું અર્થોપાર્જન થઈ જાય તોય માતા-પિતાને બસ લાગે કે 'હા, હવે છોકરો કમાતો-ધમાતો થઈ ગયો. હવે પોતાનું પેટ તો ભરે છે.' નહીં તો એનું પેટેય માતા-પિતાએ ભરવું પડે; એ રખડતો થઈ જાય, ખોટી લાઇને ચડી જાય. એટલે માતા-પિતા તો રાહ જ જોતાં હોય કે છોકરો ક્યારે કમાતો-ધમાતો થઈ જાય.

તો આમ, અમારી હાથે બનાવેલી વસ્તુઓ જોઈ કેશવજી બાપાએ ભવિષ્ય ભાખ્યું કે છોકરો ભૂખે નહીં મરે. બાપાનો એ આશીર્વાદ એવો ફળ્યો છે, એવો ફળ્યો છે કે પોતે તો ભૂખે મરવાની વાત ક્યાં રહી પણ અનેકોને હૂંફ આપવામાં પરમાત્માએ અમને પ્રેરણા આપી. ઓમ્‌પરમાત્માએ એવી કૃપા કરી કે અમે અનેકોની જરૂરતો પૂરી કરી શક્યા; એમાં અમને નિમિત્ત બનાવ્યા. કેટલા કેટલા ભક્તો, આધ્યાત્મિક મિત્રો, આત્મીયજનો, સ્નેહપ્રેમથી ભરપૂર જીવાત્માઓ અમારી આસપાસમાં મોકલી આપ્યા. અને એ બધાયની ભાવના કેવી! નિષ્ઠા કેવી!! ગુરુજીને શું જોઈશે? ગુરુજી શું જમશે? ગુરુજીને ક્યાં જવું છે? ગાડીઓવાળા પણ ગુરુજીને બેસાડવા માટે, ગુરુજીની જરૂરતો પૂરી કરવા માટે હરદમ તૈયાર હોય, ગુરુજીના કામમાં આવવા માટે તલપાપડ હોય અને એમને એવો મોકો મળે ત્યારે તેઓ પોતાને ધન્ય ધન્ય સમજે. મોટાબાપાના આશીર્વાદ આવા ફળ્યા છે.

મોટાબાપાના સ્વભાવની અને સરળ જીવનનીયે શું વાત કરીએ! એમનો ઓરડો જુદો હતો. અમે બા-છોકરાઓ બીજા ઓરડામાં. બાજુમાં એક ઓસરી અને ઓરડો. ઓરડામાં એક ભીંતડું ઊભું કરેલું. અને ભીંતડા પાછળ રસોડું બનાવેલું જેમાં એક ચૂલો હતો. ત્યાં રસોડામાં બા ફક્ત એક વસ્ત્ર પહેરીને રસોઈ બનાવતાં હોય. જમવાનું થાય એટલે બાપાને બોલાવીએ. બાપા આવી ભીંતડાને અઢેલીને બેસે. બાની રસોઈ ચાલુ હોય. અમે ભાણું લઈને બાપા પાસે મૂકીએ. લગભગ બેય પગ ઊભા રાખીને બાપા બેઠા હોય, જમતા હોય. બાપાએ અગાઉથી કહી રાખેલું કે "અથાણાંનાં મરચાં તમને કોઈને ખાતાં ખાતાં બહુ તીખાં લાગ્યાં હોય તો એને ફેંકી નહીં દેવાનાં. એના ટુકડા રાખી મૂકજો. મને બહુ તીખું નથી લાગતું; એટલે એ બધા તીખાં મરચાંના ટુકડા, હું જમવા બેસું ત્યારે મને આપી દેવા." આમ, બાપા જમતી વખતે, અમે સૌએ રાખી મૂકેલા તીખાં મરચાંના ટુકડા ખાઈ જાય.

બાપાની એટલી બધી સાદગી કે છેલ્લે છેલ્લે તો બધામાંથી મોહ-મમતા છોડી દીધેલાં. સવારે નીલકંઠ મહાદેવમાં નાવાધોવા જાય. સાથે એક દોઢ શેરીઓ પિત્તળનો લોટો હોય. એના કાંઠા ઉપર ચંદન લીંપેલું હોય. નાહીધોઈને મહાદેવજીની પૂજા કરે. બપોરે એક-દોઢ વાગે ઘેર પાછા આવે. ઘેર પણ એમના નાના રૂમમાં ગોખલાઓ, અને એમાં બધી મૂર્તિઓ ને શાલીગ્રામ ને ચક્કર ને એવું બધું રાખે. રોજે એ બધાને ચાંલ્લા કરે.

છેલ્લે છેલ્લે એમનું મૃત્યુ પણ વિઘ્ન વિનાનું એટલું સુંદર થયું કે એવું મૃત્યુ પણ ભાગ્યે જ કોઈનું જોવા મળ્યું છે. તેઓ થોડા બિમાર હતા અને એમના ઓરડામાં ખાટલામાં સૂતા હતા. અમારા પિતાજી એમની ખબર કાઢવા ગયા. બાપા માથે ઓઢીને સૂતા'તા તેથી પિતાજીએ તેમનું ઓઢવાનું ખસેડી મોઢું જોયું. બાપાના શ્વાસ બરાબર ચાલતા હતા તેથી પિતાજીએ ઓઢવાનું ઓઢાડી દીધું અને અમારા રૂમમાં પાછા આવ્યા. પછી કોણ જાણે એમના મનમાં પ્રેરણા થઈ કે "ના ના, લાવ ફરી પાછો જોઈ આવું." ફરીને જોવા ગયા અને મોઢા ઉપરથી ચાદરનો છેડો દૂર કર્યો અને જોયું તો બાપા ડચકાં ખાતા'તા. પિતાજીએ છેલ્લું ડચકું જોયું અને બાપાનું શરીર શાંત થઈ ગયું. પરમાત્માની અકળ લીલા છે. જેનાં જેવાં કર્મ, જેવાં આચરણો એ પ્રમાણે તેના મૃત્યુમાં પણ પરમાત્મા સહાય કરતા હોય છે.

તો, આવા તો અનેક પ્રસંગો તમારા સૌની જિજ્ઞાસાના કારણે ટેપ થઈ રહ્યા છે અને તમને સાંભળવા-વાંચવા મળી રહ્યા છે. અસ્તુ.

### ચાંદીનો થાળી-વાટકો

તા. ૩૧/૧૦/૦૨ના દિવસે સર્વે ઓમ્‌પરિવારોએ સાથે મળીને ધામધૂમથી ઓમ્‌જયંતી ઊજવી. વલસાડથી ઓમ્‌પરિવારનાં સાઈઠેક ભાઈ-બહેનો આવ્યાં હતાં. વલસાડ ઓમ્‌પરિવાર તરફથી શ્રી રશ્મીબેને અમારા પગમાં ચાંદીની એક થાળી, વાટકી અને ચમચી ભેટ તરીકે મૂકી. ભેટ મૂકતાં મૂકતાં રશ્મીબેને કહ્યું કે "બાપુ! આજે આપને આ થાળીમાં ભોજન કરવાનું છે, જરા સાફ કરાવી લેજો." અમે કહ્યું, ભલે... ભલે... પણ ઓમ્‌જયંતીના કાર્યક્રમ દરમ્યાન અમારે એટલાં બધાં કાર્યો સંપન્ન કરવાનાં હતાં કે જેથી અમારું મગજ ખૂબ ગતિમાન થઈ ગયેલું; આ પરિસ્થિતિમાં બીજું કાંઈ યાદ રહે ક્યાંથી?

ભોજનનો સમય થયો એટલે અમે પંકજભાઈના રૂમમાં ગયા અને ભોજન કર્યું. કાર્યક્રમ પૂરો થયો એટલે અમે ઘરે આવી ગયા. બીજે દિવસે થાળી જોઈ એટલે યાદ આવ્યું કે અરે! આ થાળીમાં ભોજન કરવાનું રશ્મીબેને કહ્યું હતું પણ આપણે તો ભૂલી ગયા. હવે આજે પહેલી તારીખ છે ને! પંચોતેરમા વર્ષનો પહેલો દિવસ - પ્રારંભ. એટલે આજે એ થાળીમાં જમીશું. પણ ઘરમાં તો કોઈને એ કાંઈ યાદ આવે નહીં તેથી એ દિવસેય ચાંદીની થાળીમાં જમવાનું ભૂલી ગયા. બીજા દિવસે અમે ખાસ યાદ કરી થાળી બરાબર ધોવડાવી, સાફ કરી અને એમાં જમ્યા. થાળીમાં જમતાં જમતાં જ બાબા મુક્તાનંદજીનો એક પ્રસંગ યાદ આવી ગયો.

### સાલે કૌએ

એક વખત વડોદરામાં બાબા મુક્તાનંદજીનો કાર્યક્રમ હતો. અમદાવાદની આજુબાજુમાં તેઓ જ્યારે આવે ત્યારે અમ્મા અમને જરૂરથી પત્ર લખે અને જણાવે કે બાબાજીનો કાર્યક્રમ છે તો આપ જરૂરથી લાભ લેવા આવજો. અમે પણ અનુકૂળતા હોય ત્યાં સુધી બાબાજીના કાર્યક્રમમાં ભાગ લેવા પહોંચી જઈએ. આમ, વડોદરાના એ કાર્યક્રમમાં અમે હાજર હતા.

બાબાજીના પ્રવચનમાં અમેરિકાની વાત નીકળી ત્યારે એક પ્રસંગને તેઓ ખૂબ આવેશપૂર્વક રજૂ કરવા લાગ્યા. તેઓ કહેવા લાગ્યા કે અમેરિકામાં અમારા ભક્તોએ અમને સોનાના થાળી-વાટકામાં જમાડ્યા. એ અહીંના-ભારતના અદેખાઓથી સહન ન થયું અને અહીં સૌએ એ પ્રસંગની જાત-જાતની ટીકાઓ કરી. યે સાલે કૌએ! ઉનકો, હમને યહાં કિતને કિતને કાર્ય કિયે હૈં, વે નહીં દિખે. પણ ત્યાંના ભક્તોએ અમને સોનાના થાળી-વાટકામાં જમાડ્યા એ જ એમના ધ્યાનમાં આવ્યું. અહીં અમે કેટલાય ગરીબોને અનાજ આપ્યું, વસ્ત્રો આપ્યાં, આવાસો બનાવી આપ્યા, નોકરી-ધંધે લગાડ્યા; અનેક રીતે સમાજના ઉત્થાનનાં કાર્યો કેટલા મોટા પ્રમાણમાં, કેટલાંય વર્ષોથી અમે કરી રહ્યા છીએ; એમાંનું કાંઈ એ કાગડાઓના જોવામાં ના આવ્યું. એમણે તો ત્યાંના અમારા ભક્તોએ પ્રેમમય થઈને અમને જમાડ્યા એટલું જ

જોયું અને એ જોઈને ખુશ થવાના બદલે એની ટીકા કરી. કાગડો જેમ ભેંશના કે ગાયના રુધિરમાં જ ચાંચ મારે છે, એનું દૂધ પામી શકતો નથી; એવી સ્થિતિ આ કાગડાની છે. એને તો એટલું જ દેખાયું કે બાબા સંન્યાસી થઈ અને સોનાના થાળી-વાટકામાં જમ્યા. અરે ભાઈ! ભક્તોએ પ્રેમથી સોનાના વાસણમાં ભોજન પીરસ્યું તો શું અમારે ભોજન લેવાની ના પાડી દેવી? શું અમારે એમ કહી દેવું કે તમારા સોનાના થાળી-વાટકા પાછા લઈ જાઓ! પણ આ બધી વાતોને, આ બધાં રહસ્યોને કાગડાના સ્વભાવવાળા ક્યાંથી સમજી શકે?

તો, અમે જ્યારે ભક્તોના પ્રેમને વશ થઈ તેમણે આપેલા ચાંદીના થાળી-વાટકામાં જમતા હતા ત્યારે અમને આ પ્રસંગની યાદ તાજી થઈ ગઈ કે બાબા એમના ભક્તોના આગ્રહને વશ થઈ સોનાના થાળી-વાટકામાં જમેલા અને એમના ટીકાકારોને એમણે "સાલે કૌએ" કહી આ પ્રસંગની આવેશથી રજૂઆત કરેલી.

### ચકલાંનાં બચ્ચાં

"ધર્મ-મેઘ"માં એક રૂમમાં દીવાલ ઉપર મોટા મોટા ફોટા લગાવ્યા છે. ફોટાની ઉપરના ભાગમાં દીવાલ અને ફોટા વચ્ચે થોડી થોડી જગ્યા રહે છે. એ જગ્યામાં ચકલાં માળા બાંધે. આપણે એમને રોકવાનો ગમે તેટલો પ્રયત્ન કરીએ તોય એ એટલા પુરુષાર્થી કે આળસે જ નહીં, માળા બાંધે જ રાખે. માળા બાંધીને એમાં ઈંડા મૂકે ને પછી એમાંથી બચ્ચાં થાય અને આપણને ચીં...ચીં... સંભળાય. બચ્ચાં નાનાં હોય ત્યારે એમનાં મા-બાપ બહારથી પોચો પોચો ખોરાક લાવીને બચ્ચાંને ખવડાવે. અમુક સમય પછી બચ્ચાંને ઊડતાં શીખવાડે. આ બધી પ્રવૃત્તિના કારણે માળામાંથી એટલો બધો કચરો અને કસ્તર પડે કે રૂમ બધો કચરો-કચરો થઈ જાય. એટલે ઘરમાં બધાંને એનો ત્રાસ-ત્રાસ થઈ જાય. ઘણી વાર તો ઘરના બધાં એ માળાને ઉપાડીને ફેંકી દે. આ બધું અમારાથી તો સહન થાય નહીં એટલે અમે એમને સમજાવીએ કે માળા ફેંકી ના દેવાય પણ માળા બાંધે જ નહીં એવું કંઈક કરવું જોઈએ. પણ એમ તો એ લોકો કંઈ કરવાના નહીં એટલે અંતે પછી એ જવાબદારી અમારે જ ઉપાડવી પડે. તેથી અમે એ ચાર-પાંચ ફોટા જેટલી લંબાઈનો વાંસ લાવીને ઉપરના ભાગની ખોલમાં મૂકી દીધો. વાંસની અડધી ગોળાઈ ફોટાની ખોલમાં અને અડધી ગોળાઈ બહાર રહે આથી રૂમમાં આવનારને અડધો વાંસ દેખાય.

થોડા સમય માટે આ ગોઠવણ ચાલી. વાંસ હતો ત્યાં સુધી ચકલાં બિલકુલ આવ્યાં નહીં. પણ પછી રૂમ સાફ કરવાનો થયો, ત્યારે બહેનોએ એ વાંસને ઉતારી લીધો અને બાજુમાં મૂકી દીધો. સાફસૂફી પૂરી થઈ એટલે અમે સૌને કહ્યું કે હવે ફોટાના પોલાણમાં વાંસ ચડાવી દઈએ. તો ઘરનાં બહેનો કહે "ના, ત્યાં વાંસ નથી મૂકવો. વાંસ સારો નથી લાગતો." અમે કીધું કે આટલે ઉપર કોણ જોવાનું હતું? મહેમાનો આવશે તો તમારી પાસે આવશે, તમારી પાસે બેસીને વાતો કરશે. આવનારા થોડા આટલી ઊંચાઈએ વાંસ સામે જોવાના હતા? અને કદાચ જોવે અને એ વાંસ ખરાબ લાગે તોય શું? ચકલાં એક વખત માળો બનાવી દે, તેમાં બચ્ચાં થાય અને એ મરી જાય તો ચકલાં કેટલા દુઃખી થાય! એ આપણને ના પોષાય. એટલો વાંસ ખરાબ લાગે તો ભલે લાગે. પણ ઘરનાં બધાં વધુ નારાજ થતાં હતાં એટલે પછી એ વાત અમે પડતી મૂકી. અમે તો ફોટાના પોલાણમાં વાંસ મૂકવાની વાત સૌને સારી રીતે સમજાવી પણ એ વાત એમના સૌના ગળે ઊતરી નહીં એટલે અમે પણ મન મનાવી લીધું અને વાંસને બહાર મૂકી દીધો.

અમુક સમય પસાર થયો એટલે દર વર્ષની જેમ ચકલાંઓ તો આવવા લાગ્યાં અને ઘાસ, નાનાં તણખલાં, નાની નાની સળીઓ, પીંછાઓ અને રૂનાં પૂમડાંઓ બધું ભેગું કરીકરીને એમણે તો માળો કર્યો તૈયાર. આમ, ખાસો મોટો માળો થઈ ગયો. અડધો માળો તો ફોટાની બહાર લટકતો હતો. થોડાક દિવસો પછી માળામાંથી ચીં...ચીં...ચીં... અવાજ આવવા લાગ્યો. સૌએ આ અવાજ સાંભળ્યો એટલે ખબર પડી કે અંદર બચ્ચાં તૈયાર થઈ ગયાં છે. જો બચ્ચાં તૈયાર ન થયાં હોય અને એમ ને એમ એમની નજર પડી હોય તો માળાને ઉપાડીને ફેંકી દે. પણ બચ્ચાં થઈ ગયાં'તાં એટલે એ સૌ પણ ફેંકવાની હિંમત ના કરી શક્યાં. એમને થયું કે એક વખત બચ્ચાં મોટાં થઈને ઊડી જાય પછી માળો ફેંકી દઈશું.

બચ્ચાંનાં મા-બાપ તો રોજ દિવસે આવે, પોચું

પોચું ખાવાનું લાવે, બચ્ચાંને ખવડાવે એટલે બચ્ચાં ચીં...ચીં... કરે. રાત્રે તો મા-બાપ આવે નહીં. ક્યારેક બચ્ચાંનો અવાજ આવે ત્યારે ઘરનાં સૌ બોલે કે બચ્ચાં ઊડતાં થશે એટલે માળો ફેંકી દઈશું. અમે તેમને સમજાવીએ કે બચ્ચાં ઊડવાની શરૂઆત કરે ત્યારે શરૂશરૂમાં બરાબર ઊડી ના શકે, તે વખતે ફોટાની બાજુમાં જે પંખો ફરે એના ઝપાટામાં આવી જાય છે. એક વખત બચ્ચાં થયાં પછી બહુ સંભાળ રાખવી પડે છે. બિલાડીથી પણ બહુ સંભાળવું પડે.

માળો એવી જગ્યાએ હતો કે બિલાડી ત્યાં પહોંચી ના શકે. પણ તોય એક દિવસ એક બિલાડી બાજુના કબાટ ઉપર ચડી, કૂદકો મારી અને માળા ઉપર પડી. પછી પોતેય નીચે પડી અને માળોય નીચે પડ્યો. બિલાડી નીચે પડી એટલે બહુ ડરી ગઈ અને ત્યાંથી ભાગી ગઈ. અંદરના રૂમમાંથી ભાઈ બહાર નીકળ્યા તો નીચે માળો પડેલો જોયો અને અંદર ત્રણ-ચાર બચ્ચાં. હું પણ મારા રૂમમાંથી બહાર નીકળ્યો અને જોયું કે નીચે પડેલા માળામાં બચ્ચાં ચીં...ચીં... કરીને ચિચિયારીઓ પાડતાં'તાં. હવે શું કરવું? થોડી વાર ઊભા ઊભા જ મેં વિચાર કર્યો પછી રસોડામાંથી એક થાળી લાવી, માળાને ખૂબ વ્યવસ્થિત રીતે ઉપાડી અને થાળીમાં મૂકી દીધો. થાળીને ઉપાડીને એક ઘોડા પર મૂકી. હવે અત્યારે તો માળો વ્યવસ્થિત મૂક્યો પણ રાત્રે શું કરવું? એક દિવસ તો બહેનોએ એ થાળીને સ્ટોરરૂમમાં મૂકીને સ્ટોરરૂમ બંધ કરી દીધો. સ્ટોરરૂમમાં બિલાડીની બીક નહીં. એક દિવસ તો આમ ચાલ્યું પણ બીજા દિવસે મેં સૌને કહ્યું કે સ્ટોરરૂમ બંધ કરીએ એટલે એમાં હવા તો બિલકુલ આવે જ નહીં અને તેથી બચ્ચાં એમ ને એમ જ મરી જશે. તો, આપણે બહાર જ ક્યાંક વ્યવસ્થા કરવી જોઈએ. પણ બહેનો તો શું વ્યવસ્થા કરે? અમે તો ઘોડા ઉપર બે-એક ડબ્બા મૂકી ઊંચાઈ વધારીને એના ઉપર થાળી મૂકી; સૌને સાવધ રહેવાનું કહી દીધું કે બિલાડીનું ધ્યાન રાખજો. પછી તો કંપાઉન્ડમાં જ્યારે બિલાડીને જોઈએ ત્યારે દોડીને એને કંપાઉન્ડની બહાર કાઢી મૂકીએ.

બીજે દિવસે સવારમાં હું બરાબર ધ્યાન રાખવા લાગ્યો. મનમાં વિચાર્યું કે માળાની જગ્યા બદલાઈ ગઈ છે. બચ્ચાંનાં મા-બાપ માળાને ગોતતાં ગોતતાં આવશે તો માળાની નવી જગ્યાની ખબર એમને કેવી રીતે પડશે? હું આમ વિચારતો હતો ત્યાં જ ચકલાં તો વેન્ટિલેશનના સળિયા ઉપર આવીને બેસી ગયાં. મૂળ જગ્યાએ માળાને જોયો નહીં. તેઓ એમની ભાષામાં બોલવા લાગ્યાં ત્યારે ક્યારેક ક્યારેક બચ્ચાંઓ પણ ચીં...ચીં... કરીને જવાબ આપવા લાગ્યાં. થોડા સમયમાં તો મા-બાપને ખબર પડી ગઈ કે આ જગ્યાએ આપણા બચ્ચાં છે એટલે એમની પાસે જતાં-આવતાં થઈ ગયાં અને ત્યાં એમને ખાવાનું પહોંચાડવા લાગ્યાં.

અમે તો બચ્ચાંની કાળજી રાખતાં જ હતાં અને બિલાડી આવે તો ભગાડતાં હતાં પણ શાહુકારની એક નજર અને ચોરની સો નજર. તો, આપણે ક્યાં સુધી સાવધાની રાખી શકીએ? અઠવાડિયું તો નિર્વિઘ્ને વ્યતીત થઈ ગયું. આ સમય દરમ્યાન હું યોજના કરતો જ હતો કે માળાને ક્યાં મૂકીએ કે જેથી બિલાડીથી બચ્ચાંને બચાવી શકાય? એક વિચાર એવો આવ્યો કે સિલિંગમાં એક હૂક છે, એ હૂકમાં દોરી બાંધીને થાળી એમાં લટકાવી દઉં. પણ બાજુમાં જ પંખો એટલે એમ થાય કે મા-બાપ બચ્ચાંને ખવડાવવા આવશે તો કોક વખત પંખાના ઝપાટામાં આવી જશે અને બચ્ચાંને બદલે એનાં મા-બાપ ખલાસ થઈ જશે. આ વિસામણમાં થોડા વધુ દિવસો પસાર થઈ ગયા.

એક દિવસ સવારે ઊઠીને બહારના રૂમમાં આવીને જોઉં છું તો માળો બધો વીંખાયેલો પડેલો. ઉપર થાળીમાં જોયું તો તેમાં કાંઈ ના મળે. મેં ઘરનાંને પૂછ્યું કે આ શું થયું? તો બધાં કહે કે રાત્રે બિલાડી પહોંચી ગઈ લાગે છે. અરેરે... બિલાડી બચ્ચાં લઈ ગઈ, લઈ ગઈ! અને મારા હૃદયમાં ગભરામણ ઊપડી, બરાબર ગભરામણ ઊપડી. પસ્તાવાનો કંઈ પાર નહીં! આપણી બેદરકારી; આપણી બેદરકારીના કારણે ત્રણ-ચાર બચ્ચાંને બિલાડી ઉપાડી ગઈ. કેટલી મહેનત કરતાં'તાં! કેટલા મહિનાઓથી!! માળો બાંધવાથી શરૂઆત કરીને ઈંડા મૂક્યાં ને ઈંડા સેવ્યાં ને બચ્ચાં થયાં. પછી એ બધાં બચ્ચાંને ખવરાવવું, પિવડાવવું, તેમનું બીજું ધ્યાન રાખવું. પછી માળો પડ્યો તો એની જગ્યા બદલીને અહીં મૂક્યો; એની કેટલી સંભાળ રાખતાં'તાં! આમ, હૃદયમાં કંઈ એવા પ્રકારની પીડા થવા લાગી કે જેથી મનમાં શંકા થવા લાગી કે આ ગભરામણમાંથી હાર્ટએટેક

જેવું તો નહીં થઈ જાય ને?! આ એવા પ્રકારનું જ કંઈક થાય છે; એવી મૂંઝવણ, એવી ગૂભરામણ, એવા પ્રકારની પીડા. આ ચકલાંનાં બચ્ચાંને આપણે સાચવી ના શક્યાં. આપણી જ બેદરકારી. સ્વભાવ એવો કે ગમે એની બેદરકારી હોય તોય મનમાં એમ જ લાગે કે આ બધી મારી જ ભૂલ, મારી જ આળસ; અને એના કારણે જ આમ થયું.

સવારમાં તો બચ્ચાંનાં મા-બાપ આવ્યાં. 'વેન્ટિલેશનના સળિયા ઉપર બેય બેઠેલાં. બોલવું કે ચાલવું, કાંઈ જ નહીં. બસ બેઠાં જ રહ્યાં, બેઠાં જ રહ્યાં. હું એમની સામે જોઉં અને પીડા અનુભવું. પીડા અનુભવું. થોડા દિવસો સુધી સવારે બસ આ જ ક્રમ ચાલે. બચ્ચાંનાં મા-બાપ આવીને વેન્ટિલેશનના સળિયા ઉપર બેસે, બેઠાં જ રહે. એમને ગમગીન જોઈને હું પણ પીડા અનુભવું. આમ ને આમ એક અઠવાડિયું પસાર થઈ ગયું. પછી સ્થિતિ સામાન્ય થતી ગઈ. બચ્ચાંનાં મા-બાપ આવતાં બંધ થયાં. મારી ગભરામણ અને પીડા ઓછી થવા લાગી. પણ આ પ્રસંગ પછી વિચારોની પરંપરા ચાલી.

આપણે જ્યાં મકાન બનાવ્યું ત્યાં એક સમયે ખાલી જગ્યા જ હતી, મકાન-બકાન કાંઈ જ નહોતું. ચારે બાજુ વગડા જેવું જ હતું. ત્યાં આપણે મકાન બનાવ્યું અને એ જગ્યા કરી નાખી આપણી. ત્યાર પહેલાં એ જગ્યા ને એના ઉપર ઊગેલાં વૃક્ષો અને એ બધું આ પંખીઓનું જ હતું. એ પશુ-પક્ષીઓનું એ બધું જ આપણે લઈ લીધું, છીનવી લીધું. ત્યાં આપણા માટે મકાન બનાવ્યું. અને હવે આપણા આટલા મોટા મકાનમાં તેઓ એક અડધા ફૂટની જગ્યા રોકે છે તેય તેમને આપવાની આપણામાં ઉદારતા નથી. અરે! ઉદારતા તો ઠીક પણ એટલી સમજણેય નથી કે ચકલીનાં બચ્ચાંની જેવી દશા થઈ તેવી દશા આપણા બચ્ચાંની થાય તો! પરમાત્માની દૃષ્ટિએ તો મનુષ્યનાં બચ્ચાં અને પશુ-પક્ષીનાં બચ્ચાં બધા સમાન જ છે, સરખા જ છે. પરંતુ મનુષ્યને પોતાના બચ્ચાં જ પોતાના લાગે છે, બીજાના બચ્ચાં પારકા લાગે છે. અસ્તુ.

## શ્રી રશ્મિકાંત ભટ્ટના પત્રનો પ્રેરણાદાયી અંશ

... યોગની સાધના થકી ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યા બાદ (કંઈ જ કરવાનું ના હોવા છતાં) ઈશ્વરની જ પ્રેરણાથી જનસમાજ સારા અને સાચા આધ્યાત્મિક માર્ગે જાય તથા ઈશ્વર તરફની સાચી સમજણવાળી ભક્તિ વધે તેવા તેમના (પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીના) દિવ્ય પ્રયત્નો છે. આમ તેઓશ્રી અલિપ્ત છતાં ઓમ્‌પરિવારને માધ્યમ બનાવીને પુસ્તકો, પ્રવચનો, કેસેટ્સ, શિબિરો તથા પ્રસંગોની ઉજવણીઓ વગેરે દ્વારા; શિષ્યો ભક્તજનો, તેમના પરિવારો તથા સમગ્ર જનસમાજમાં ધર્મપ્રેમીઓનું શારીરિક, માનસિક, નૈતિક, આર્થિક અને આધ્યાત્મિક ઉત્થાન થાય તેવા પ્રયત્નો (નાદુરસ્ત તબિયત હોવા છતાં, કરતા રહે છે. કોઈ પણ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર, અનેક કોલેજોના આચાર્યો, પ્રોફેસર્સ વગેરે ભેગા મળીને પણ ના કરી શકે કે ના સમજી શકે તેવું ગહન (ગૂઢ) સંસ્કાર તથા ચારિત્ર્ય-ઘડતરનું પાયાનું કામ તેઓ વર્ષોથી શાંતિપૂર્વક અને મક્કમતાથી કરી રહ્યા છે. આ વાતની સાચી સમજ તથા કિંમત કોઈ બીજા સંત જ સમજી શકે છે એવું આ બાળક નમ્રપણે માને છે. છેલ્લાં દસથી બાર વર્ષમાં મને એમની પાસેથી ઘણું જાણવાનું-શીખવાનું મળ્યું છે. તેમણે હંમેશ મારા પર દિવ્ય પ્રેમની વર્ષા કરી છે જે બદલ હું હંમેશા તેમનો ઋણી રહીશ. મારી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે કે પૂજ્ય યોગભિક્ષુજી સારા સ્વાસ્થ્ય સાથે આપણા સર્વ ઉપર આવનારાં અનેક વર્ષો સુધી તેમના આશીર્વાદ, માર્ગદર્શન તથા પ્રેમની વર્ષા કરતા રહે.

એ જ

રશ્મિકાંત ભટ્ટના પ્રણામ

(એમ.કોમ., એલ.એલ.બી., ઈન્ટર સી.એસ.)

(યોગદા સત્સંગ સોસાયટી ઑફ ઈન્ડિયાના ભક્ત)

## अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

**● ટ્રસ્ટના ઉદ્દેશો :-**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૩૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૫૦૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૫ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૫૧ $

**લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-**

**(૧) ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

**(૨) નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.


**PRINTED BOOK**
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T. Exe. U/S-80 G (5) No. H.Q. III/33 (821) 2000-01 Up to MARCH-2005.